આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિદ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ પાલિકાની સભા પૂરની કામગીરીના મુદ્દે તોફાની બની

### વિવિધ વોર્ડોમાં બચાવ અને રાહત કામગીરી બાબતે સભ્યોમાં ભારે અસંતોષ : પ્રમુખના મૌનથી રોષ વધુ તીવ્ર બન્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વલસાડ, તા. ૧૦ : વલસાડ નગરપાલિકાની પ્રમુખની સામાન્ય સભા વલસાડના નીચાણવાળા વિસ્તારમાં ગત તારીખ ૨૩ મી રોજ વલસાડ શહેરમાં આવેલા ભારે પૂર દરમિયાન નગરપાલિકા દ્વારા યોગ્ય કામગીરી કરવામાં ન આવી હોવાના આક્ષેપો સાથે પાલિકા સભ્યોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલની અધ્યક્ષપણા હેઠળ વલસાડ પાલિકાની સામાન્ય સભા આજરોજ અટલબિહારી બાજપાઈ સભાખંડમાં ૧૧ કલાકે મળી હતી જે સભાખંડમાં વલસાડ નગરપાલિકા સભ્ય ઉર્વશીબેન પટેલ તે રજૂઆત કરી કે વલસાડ જિલ્લામાં ગત તારીખ ૨૩મી જુલાઈના રોજ વલસાડના નીચાણવાળા વિસ્તાર શહેર આજુબાજુના ગામોમાં પૂરના પાણી ભરાયા હતા.સભા દરમિયાન પૂરગ્રસ્ત વિસ્તારોની કથળેલી સ્થિતિનો મુદ્દો પ્રમુખસ્થાને રહ્યો હતો. શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાં પાલિકા તંત્ર દ્વારા સમયસર રેસ્ક્યુ કામગીરી કે અન્ય જરૂરી રાહત-બચાવ કાર્યો કરવામાં ન આવ્યા હોવાથી સભ્યોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો.

પાલિકાના વોર્ડ નંબર ૧, ૨ અને ૪ ના પાલિકા સભ્યોએ એકસૂરે તંત્રની નિષ્ક્રિયતા સામે અવાજ ઉઠાવ્યો હતો. પૂરના સમયે પ્રજા ભારે મુશ્કેલીમાં મુકાઈ હોવા છતાં પાલિકા તરફથી કોઈ નક્કર મદદ ન મળતા સભ્યોએ પાલિકા પ્રમુખ સામે સીધો જ આક્રોશ ઠાલવ્યો હતો. સામાન્ય સભામાં વિરોધ પક્ષ અને શાસક પક્ષના સભ્યોના ઉગ્ર વિરોધ અને સવાલોના વરસાદ વચ્ચે નગરપાલિકા પ્રમુખે મૌન જાળવી રાખ્યું હતું. પ્રમુખ દ્વારા આ મામલે કોઈ સ્પષ્ટતા કે જવાબ ન અપાતા વિરોધ વધુ તીવ્ર બન્યો હતો. પૂર વ્યવસ્થાપનમાં પાલિકાની નિષ્ફળતાને લઈને શહેરીજનોમાં પણ ભારે ચર્ચા જાગી છે. સભામાં સભ્ય નિતેશ વશી એ રજૂઆત કરી કે ટોર ટુ ડોર સફાઈ કામગીરીના મુદ્દે પાલિકાના ૨૫ સભ્યોએ ભારે વિરોધ કર્યો હતો.
અને ગત સભામાં લેવાયેલા ૧૪ કામો સામે વાંધો લીધો હતો. આ ઉપરાંત ડોર ટુ ડોર એજન્સીને કામગીરી બંધ કરવા જણાવ્યું હતું.તેમ છતાં ચાલુ રાખવામાં આવી છે. સભ્યોનો વાંધો હોવા તેમ છતાં તેને કમિટીમાં લીધા વગર સીધો એજન્ટામાં મૂકવામાં આવ્યો છે. એજન્ડામાં રકમ લખવામાં આવતી હતી. પરંતુ છેલ્લા કેટલાક વખતથી આ એજન્ડાના કામોમાં રકમ લખવામાં આવતી નથી. આ સામાન્ય સભામાં પાલિકા સી.ઓ, ઉપપ્રમુખ શાસક પક્ષ નેતા સહિત સભ્યો હાજર રહ્યા હતા.

લાયન્સ સ્કુલનો રોબોટિક્સમાં ડંકો

## સેલવાસની 'આર્યાવર્ત મેટ્રિક્સ' ટીમ રાષ્ટ્રીય કક્ષાએ ક્વોલિફાય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા. ૧૦ :** લાયન્સ ક્લબ ઓફ સિલ્વાસા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત લાયન્સ ઈંગ્લિશ સ્કૂલની રોબોટિક્સ ટીમ 'આર્યાવર્ત મેટ્રિક્સ'એ વર્લ્ડ રોબોટ ઓલિમ્પિયાડ (WRO) ઈન્ડિયા ૨૦૨૬માં શાનદાર પ્રદર્શન કરી શાળા અને સિલ્વાસાનું ગૌરવ વધાર્યું છે.

'રોબોટ મીટ્સ કલ્ચર' થીમ હેઠળ યોજાયેલી સ્પર્ધાના વર્ચ્યુઅલ રાઉન્ડમાં ટીમે દેશભરની ૨૫,૦૦૦થી વધુ ટીમોમાં ટોપ-૧૫માં સ્થાર્ન મેળવી પ્રાદેશિક સ્પર્ધા માટે ક્વોલિફાય કર્યું હતું. ત્યારબાદ ૫ ઓગસ્ટે મુંબઈના નેહરુ સાયન્સ સેન્ટર ખાતે યોજાયેલી પ્રાદેશિક સ્પર્ધામાં દેશની ૪૦ ટોચની ટીમો વચ્ચે ટોપ-૭માં સ્થાન મેળવ્યું હતું. ટીમના સભ્યો માસ્ટર પવન સિંહ અને માસ્ટર વેદ સંધાનસીવના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી 'આર્યાવર્ત મેટ્રિક્સ' હવે WRO નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૬ માટે ક્વોલિફાર્ય થઈ છે. રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ ૨૬થી ૨૮ ઓગસ્ટ દરમિયાન હૈદરાબાદ ખાતે યોજાશે. ટીમના માર્ગદર્શક કરણ સિંહના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ટેકનિકલ કૌશલ્ય, સર્જનાત્મકતા, તાર્કિક વિચારસરણી અને ટીમવર્કનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. લાયન્સ ક્લબ ઓફ સિલ્વાસા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ફતેહસિંહજી એમ. ચૌહાણ તેમજ શાળા પરિવાર દ્વારા ટીમને અભિનંદન પાઠવી રાષ્ટ્રીય સ્પર્ધા માટે શુભકામનાઓ આપવામાં આવી હતી.



## દમણના દરિયામાં ન્હાવા પડેલા ચારમાંથી એક યુવાન ડુબ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા. ૧૦ :** ચોમાસાની ઋતુમાં ભરતી અને જોરદાર પ્રવાહ વચ્ચે દરિયામાં તરવું ચાર મિત્રો માટે જીવલેણ સાબિત થયું. દમણના છાપલી બીચ પર તરતી વખતે એક યુવાન ડૂબી ગયો, જ્યારે તેના મિત્રને લાઇફગાર્ડ્સે બચાવી લીધો.

અહેવાલો અનુસાર, ... રિંગવાડા વિસ્તારમાં રહેતા ચાર મિત્રો તેમની કંપનીમાં રજાઓ ગાળવા માટે દરિયા કિનારે આવ્યા હતા. તે બધા પાણીમાં ડૂબકી મારવા ગયા હતા. આ દરમિયાન, જોરદાર મોજા અને ભરતીના કારણે બે મિત્રો પાણીમાં ફસાઈ ગયા. બાકીના બે મિત્રો કોઈક રીતે દરિયામાંથી બહાર નીકળવામાં સફળ રહ્યા.

બે મિત્રોને ડુબતા જોઈને, ... બહાર આવેલા મિત્રોએ મદદ માટે બૂમો પાડી. ઘટનાસ્થળે હાજર લાઇફગાર્ડ્સે તરત જ દરિયામાં કૂદી પડ્યા અને એક યુવાનને સુરક્ષિત બચાવી લીધો. જોકે, બીજો યુવાન મોજામાં તણાઈ ગયો અને ગાયબ થઈ ગયો. ઘટનાની માહિતી મળતાં, ઈમરજન્સી ટીમો ઘટનાસ્થળે પહોંચી અને ગુમ થયેલા યુવકની શોધખોળ શરૂ કરી. સાંજે ભરતી ઓસરી ગયા પછી શોધખોળ કામગીરી દરમિયાન યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતકની ઓળખ આકાશ કુમાર તરીકે થઈ છે. તે મૂળ બિહારના ગયા જિલ્લાનો વતની હતો અને દમણના રિંગવાડામાં મુકી કી ચાલમાં રહેતો હતો.

ચોમાસા દરમિયાન દરિયામાં ભરતી અને તીવ્ર પ્રવાહને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્ર અને લાઇફગાર્ડ્સ લોકોને દરિયામાં ન જવાની અપીલ કરી રહ્યા છે.

## ડુંગરા પોલીસે છીરીમાં વૃદ્ધને છેતરનારને વસઈથી ઝડપ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
વાપી, તા. ૧૦ : વાપી ડુંગરા પોલીસે સિનિયર સિટિઝનોને નિશાન બનાવી ATM કાર્ડ બદલીને છેતરપિંડી કરતી ગેંગનો ભેદ ઉકેલી એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી વધુ ગુનાઓનો ભેદ પણ ખોલ્યો છે.આ બનાવ તા. ૦૫/૦૭/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા દરમિયાન છીરી રામનગર ધનલક્ષ્મી સોસાયટી બહાર એઝજદ બેંકના ATM ખાતે બન્યો હતો. ફરિયાદી ઉપાડા માટે ગયા ત્યારે અજાણ્યા ઈસમે ફરિયાદીનો PIN નંબર જાણી લઈ નજર ચૂકવીને કાર્ડ બદલી લીધું હતું. ત્યારબાદ ખાતામાંથી કુલ રૂ. ૭૨,૬૮૮.૨૫ ઉપાડી લઈ છેતરપિંડી આચરવામાં આવી હતી. આ મામલે ડુંગરા પોલીસે ગુનો નોંધ્યો હતો. ગુનો ... ઉકલવા માટે પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ, વલસાડ SP યુવરાજસિંહ જાડેજા અને PI બી.એન. ગોહિલના માર્ગદર્શન હેઠળ ટીમો બનાવવામાં આવી હતી. CCTV ફૂટેજ અને ટેકનિકલ એનાલિસિસના આધારે પોલીસે વસઈ રોડ રેલ્વે સ્ટેશનથી રોહિત મુદલકુમાર પાંડે ઉ.વ.૩૫ ને ઝડપ્યો હતો. તે મૂળ ઉત્તરપ્રદેશના હેરેયાનો રહેવાસી છે અને હાલ ... નાલાસોપારા ખાતે રહે છે.

પૂછપરછમાં આરોપીએ આ સિવાય વસઈ રોડ, બોરીવલી, પનવેલ, કણકવલી, સાલવ, વિરાર, ચીખલી, વલસાણા અને લાઈન બજાર પોલીસ સ્ટેશનમાં પણ આ જ રીતે છેતરપિંડીના ગુના આચર્યા હોવાનું કબૂલ્યું છે. તેની સાથે શ્રીકાંત મિશ્રા નામનો અન્ય આરોપી વોન્ટેડ છે. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.




અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માહે-ઓગસ્ટ-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | ડાંગ, નવસારી, વલસાડ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| | ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૪ | | ચોખા | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૨૨ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદ શહેર, અમરેલી, આણંદ, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, ગીરસોમનાથ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, મોરબી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૫ જિલ્લાઓ વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | જુવાર | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૫ જિલ્લાઓ અરવલ્લી, મહીસાગર, દાહોદ, સાબરકાંઠા, પંચમહાલ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |

ઓગસ્ટ-૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું અને સીંગતેલના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹.૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹.૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | ખાંડઃ તહેવાર નિમિત્ત વધારાની | અંત્યોદય કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૧૫ |
| | | બી.પી.એલ કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૧ |
| ૬ | ખાદ્યતેલ (સીંગતેલ) તહેવાર નિમિત્તે | N.F.S.A કુટુંબો અને NON N.F.S.A બી.પી.એલ | કાર્ડદીઠ ૧ લિટર | ₹.૧૦૦ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઇલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી."
- રમણભાઈ સોલંકી, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.



Tuesday 11, August 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# ગણદેવી કાંઠાના ૧૪ ગામોમાં વરસાદી પુર પાણીનાં અવરોધો દૂર કરવા માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૦ :** ગણદેવી કાંઠા વિસ્તારનાં ૧૪ ગામોના ૧૨૦૦થી વધુ પુરપીડિતો રવિવાર સવારે મેંધર-ભાટ ગામ જતાં માર્ગ ઉપર તુળજા ભવાની મંદિરે એકત્ર થયા હતાં. જેમણે વરસાદી પુર પાણીનાં અવરોધો દૂર કરવા માંગ પોકારી હતી અને ૫૧ સભ્યોની કોર કમિટીની રચના કરી હતી. આગામી ગુરુવારે વહીવટી તંત્રને લેખિત આવેદનપત્ર પાઠવશે. ગ્રામજનોનાં આક્રોશ પાછળ બે સપ્તાહ અગાઉ પૂરમાં વેઠેલી હાલાકી જોવા મળી હતી.

ગણદેવી તાલુકામાં બે સપ્તાહ અગાઉ સદીનું ભયાવહ પૂર આવ્યું હતું. લોકમાતા કાવેરી, અંબિકાએ કાંઠા વટાવ્યા હતાં અને સ્થાનિક વરસાદી પાણીનો જબરદસ્ત ભરાવો થયો હતો. કાંઠા વિસ્તારમાં અનેક પરીવાર એ બાળકો સાથે છત ઉપર આશરો લેવો પડ્યો હતો. જેને પગલે અનેક લોકો એ ઘરવખરી સહિત ચીજવસ્તુઓ ગુમાવી હતી. આ સમસ્યા નાં હલ માટે ગણદેવી તાલુકા નાં મેંધર, ભાટ, કોથા, ભાઠા, કલમઠા, મોરલી, વાસણ, માસા, માછીયાવાસણ, વાઘરેચ, દેવધા, તલીયારા સહિત ૧૪ ગામોનાં ૧૨૦૦થી વધુ ગ્રામજનો રવિવાર સવારે તુળજા ભવાની મંદિરે એકત્ર થયા હતા. જેમણે એક સુરે પાણી સામેનાં અવરોધો દૂર કરવા ની માંગ કરી હતી. આ અવરોધો ઝીંગા તળાવનાં હોય, કોઈની કમ્પાઉન્ડ વોલ હોય કે પછી ખેતરનાં પાળા હોય દરેક દબાણો કોઈની પણ શરમ રાખ્યા વિના દૂર કરવા સંમતિ સંધાઈ હતી. તે સાથે દરેક ગામમાંથી ત્રણ સભ્યો મળી ૫૧ સભ્યોની કોર કમિટીની રચના કરાઈ હતી. જેઓ આગામી ગુરૂવારે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી સમસ્યા હલ કરવા રજુઆત કરશે. આ સભામાં જિલ્લા પંચાયતના સભ્ય મનીષ પટેલ (લુસવાડા), કિશોર પટેલ, રમણ પટેલ, રૂપેશ પટેલ, શૈલેષ પટેલ, તેમજ સરપંચો અને ૧૨૦૦થી વધુ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય નરેશભાઈ પટેલએ પણ પાણીને અવરોધતા તમામ અવરોધ દૂર કરવાની ખાતરી આપી હતી.

# ગણદેવીના ૯ ગામોમાં પશુઓ માટે વિટામિન્સ પાઉડરનું વિતરણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૦ :** ગણદેવી તાલુકાના પશુપાલકોને સહાયરૂપ થવાના હેતુથી શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ તથા આકાશ ફાર્માસ્યુટીકલ, કામરેજ દ્વારા સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત ગણદેવી તાલુકાના ૯ જેટલા ગામોમાં આશરે ૧૨૦૦ જેટલા પશુઓ માટે સુકા ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આકાશ ફાર્માસ્યુટીકલ, કામરેજ તરફથી પશુદીઠ ૧ કિલો મિનરલ મિરર તથા વિટામિન્સ પાવડરના પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પોષણયુક્ત સામગ્રી પશુઓના સ્વાસ્થ્ય અને પોષણની જાળવણીમાં ઉપયોગી બની રહે તે હેતુથી આપવામાં આવી હતી.

સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલી આ સહાય સામગ્રીનું વિતરણ સંબંધિત ગામોના સરપંચશ્રીઓ મારફત કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય પ્રવૃત્તિથી ગણદેવી તાલુકાના વિવિધ ગામોના પશુપાલકોને સહાય મળી હતી.

# વઘઈમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૦ :** વિશ્વભરમાં ૯ ઓગસ્ટના રોજ ઉજવાતા વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે વઘઇ ખાતે આદિવાસી સંસ્કૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ તથા ગણેશ ચેરિટેબલ ટ્રસ્ટ, આંબાપાડાના સંયુક્ત ઉપક્રમે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વઘઇ તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતાં. આ પ્રસંગે આદિવાસી સમાજના લોકો પરંપરાગત વેશભૂષા, આભૂષણો અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે રેલીમાં જોડાયા હતા. વઘઈના ગાંધીબાગથી પ્રકૃતિ પૂજા કરી તાલુકા સેવા સદન સુધી વિશાળ આદિવાસી રેલી યોજાઈ હતી. રેલી દરમિયાન ઢોલ-નગારાના તાલ, ડીજેના સંગીત અને પરંપરાગત નૃત્ય-ગીતોથી સમગ્ર વઘઇ શહેરમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળ્યો હતો. રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, વડીલો અને બાળકો પણ જોડાયા હતાં. હાથમાં આદિવાસી સમાજના વિવિધ ધ્વજ અને બેનરો સાથે લોકો આદિવાસી સમાજની એકતા, અસ્મિતા અને સંસ્કૃતિના સંરક્ષણનો સંદેશ આપી રહ્યા હતા. રેલીના માર્ગ પર જાણે માનવ મહેરામણ ઉમટ્યું હોય તેવું દ્દશ્ય સર્જાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન આદિવાસી સમાજના આગેવાનો દ્વારા સમાજના બંધારણીય હક્કો, જળ-જંગલ-જમીનના અધિકારો, શિક્ષણ, રોજગાર તેમજ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓના જતન અંગે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. આગેવાનોએ યુવાનોને શિક્ષણ સાથે સમાજની સાંસ્કૃતિક ઓળખ અને વારસાને જાળવી રાખવા અપીલ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આદિવાસી સંસ્કૃતિ ચેરિટેબલ ટ્રસ્ટના રિતેશ પટેલ, વિજય થોરાટ, તાનાજી પવાર, જીજ્ઞેશ પટેલ,ગણેશ ચેરિટેબલ ટ્રસ્ટના આગેવાનો, કાર્યકરો, યુવાનો અને વડીલોએ ભારે જહેમત ઉઠાવી હતી. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી દરમિયાન વઘઇ પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એ. ચાવડા, પીએસઆઈ તથા પોલીસ સ્ટાફ દ્વારા રેલીના રૂટ પર સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં આવી હતી, જેથી સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો.

## બહેજ- રાનકૂવા શાળાનું ગૌરવ



**ખેરગામ, તા. ૧૦ :** નશામુક્ત ભારત અંતર્ગત જિલ્લા કક્ષાની ચિત્રસ્પર્ધા ભગતાશ્રમ ઉદ્યોગનગર-નવસારી ખાતે યોજાય જેમાં બહેજ પ્રા.શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને હાલમાં બી.એલ. પટેલ સર્વ વિદ્યામંદિર - રાનકુવા ખાતે અભ્યાસરત કુ.ઉન્નતિ નિલેશભાઈ પટેલે ઉત્કૃષ્ટ દેખાવ કરી પોતાની વય કક્ષામાં વીસથી વધુ સ્પર્ધકો વચ્ચે બીજો ક્રમાંક મેળવી શાળા તથા બંને તાલુકાનું નામ રોશન કરતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ઉન્નતિને વધુ ઉન્નત સફળતા માટે શુભેચ્છા અપાઈ હતી.

# બીલીમોરા મહાવીર વૃદ્ધાશ્રમ દ્વારા ૨૦૦ ધાબળાનું વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૦ :** તાજેતરમાં આવેલ ભયાનક પુરને કારણે બિલીમોરાના નવીનગરી અને ડાંગર મહોલ્લા વિસ્તારો સંપૂર્ણપણે જળમગ્ન થઈ ગયા હતાં. આ મુશ્કેલ સમયમાં પૂરપીડિતોની વહારે આવીને બિલીમોરા મહાવીર વૃદ્ધાશ્રમ દ્વારા ૨૦૦ ધાબળાનું વિતરણ કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આ સેવા કાર્યમાં જલારામ ટ્રસ્ટના પ્રમુખ મગનભાઈ પટેલ,રામસિંઘ રાજપુરોહિત સહિત ખાસ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમના અંતે મહાવીર વૃદ્ધાશ્રમના પ્રમુખ માધવલાલ પુરોહિતએ ઉપસ્થિત તમામ અગ્રણીઓ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.



વાંસદા તાલુકાના ભીનાર ગામે બિરસા મુંડા લાઈબ્રેરી ભીનાર ખાતે વિશ્વા આદિવાસી દિવસની ખૂબ જ ઉત્સવ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગામના સરપંચ જીતેન્દ્રભાઈ આર. પટેલ, દિપકભાઈ પટેલ, ધર્મેશભાઈ, સંકેતભાઈ, અનિલભાઈ પટેલ, સુનિલભાઈ અને યુવાન-ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

# જલાલપોરમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૦ :** જલાલપોર તાલુકા પંચાયત સીટ અંતર્ગત જલારામ મંદિર ખાતે સેવા સેતુ તથા ગવર્નમેન્ટ સ્કીમ સેચ્યુરેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જલાલપોર ધારાસભ્ય આર. સી. પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ તથા સભ્યઓ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમ અંગે પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હોવાથી મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અંગે માહિતી મેળવી હતી. ઉપસ્થિત નાગરિકોને સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને દરેક પાત્ર લાભાર્થીને સરકારની યોજનાઓનો લાભ મળી રહે અને યોજનાઓમાં સેચ્યુરેશન લેવલ પ્રાપ્ત થાય તે હેતુથી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતાં. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે જરૂરી માર્ગદર્શન તથા આયોજન કરવામાં આવ્યું હતું. પાત્ર લાભાર્થીઓ કોઈપણ સરકારી યોજનાના લાભથી વંચિત ન રહે તે માટે સંબંધિત વિભાગો દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# 'સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ'માં રોજેરોજના સાંસ્કૃતિક કાર્યક્રમો આકર્ષણ જમાવાશે



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૦ :** ગુજરાતના પ્રખ્યાત પ્રવાસન સ્થળ સાપુતારા ખાતે આયોજિત સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓ અને મુલાકાતીઓ માટે વિવિધ સાંસ્કૃતિક, મનોરંજક, સાહસિક અને પરંપરાગત પ્રવૃત્તિઓનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ ફેસ્ટિવલ દરમિયાન ડાંગની સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ, લોકકળા અને પરંપરાગત વારસાની સાથે પ્રવાસનને વેગ આપતા અનેક કાર્યક્રમો યોજાશે.

ફેસ્ટિવલના ઉદ્ઘાટન દિવસે આઠ વિવિધ રાજ્યોના કલાકારોની ભવ્ય ગ્રાન્ડ પરેડ બાદ 'ઋતુરાજ આયો રે' થીમ આધારિત ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમે સાપુતારાના ચોમાસાની મનમોહક કુદરતી સુંદરતા અને લોકસંસ્કૃતિને ઉજાગર કરી હતી. તા.૨૯ ઓગસ્ટ સુધી ચાલનારા આ ફેસ્ટિવલ દરમિયાન મુખ્ય ડોમ સહિત વિવિધ સ્થળોએ દૈનિક સાંસ્કૃતિક કાર્યક્રમો અને લોકનૃત્યો રજૂ કરવામાં આવશે. ડાંગની સાંસ્કૃતિક વિરાસતને પ્રદર્શિત કરતું થીમ આધારિત ટેબ્લો શો, પ્રકૃતિપ્રેમીઓ માટે નેચરલ ટ્રેઈલ્સ તેમજ બાળકો માટે કિડ્સ ઝોનમાં ટ્રેમ્પોલિન, બોક્સ ક્રિકેટ સહિતની મનોરંજક પ્રવૃત્તિઓ પણ યોજાશે. ફેસ્ટિવલના સમગ્ર સમયગાળા દરમિયાન વિવિધ સ્થળોએ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પ્રકૃતિ અને સાહસપ્રેમીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. ૧૫ ઓગસ્ટના રોજ મિની મેરેથોનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર આયોજનથી સાપુતારા ખાતે ચોમાસાની કુદરતી રમણીયતા માણવા આવતા પ્રવાસીઓને મનોરંજન સાથે ડાંગની વૈવિધ્યસભર આદિવાસી સંસ્કૃતિનો અનોખો પરિચય મળશે અને સાપુતારા-ડાંગને ગુજરાતના અગ્રણી સાંસ્કૃતિક તથા કુદરતી પ્રવાસન સ્થળ તરીકે વધુ પ્રોત્સાહન મળશે.

# બીલીમોરા હાશ્મી કમિટી દ્વારા ૩૨૫થી વધુ પરિવારોને સાધન સામગ્રી અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૦ :** તાજેતરમાં આવેલી વિનાશક પૂરની આફતમાં સર્વસ્વ ગુમાવી બેસેલા પીડિતોની વહારે આવીને બીલીમોરાની હાશ્મી કમિટીએ કોમી એકતા અને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કોઈ પણ જાતિ, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના કમિટી દ્વારા પૂરગ્રસ્ત ૩૨૫થી વધુ જરૂરિયાતમંદ પરિવારોને નવી સરપંચી સાથે જીવન ધબકતું કરવા માટે ઘરવપરાશની આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુદરતી આપત્તિમાં હોમાયેલા પરિવારજનોને પાયાની સુવિધાઓ મળી રહે તે હેતુથી આયોજિત આ રાહત ઝુંબેશમાં ખુરશી, ટીપોઈ, ગાદલા, તકીયા, ચાદર, બ્લેન્કેટ જેવા આરામદાયક સાધનો ઉપરાંત રસોડા માટે ગેસના ચૂલા, કૂકર, લાઈટર, મિક્સર મશીન અને પંખા, ટ્યુબલાઈટ તથા બાથરૂમ સેટ સહિતની દૈનિક વપરાશની તમામ ચીજો પૂરી પાડીને પરિવારોને મોટો આશરો આપવામાં આવ્યો હતો. મુશ્કેલીના કપરા સમયમાં પૂરપીડિતોની વહારે આવી તેમની આંખના આંસુ લૂછવાના આ ભગીરથ સેવાકાર્યમાં હાશ્મી કમિટીના અગ્રણીઓ ગનીભાઈ મેમણ, હારૂનભાઈ હિંગોરા, હનીફ મેમણ, જાવેદ બાના, સાકિર લાલા, ઝુબેરભાઈ તથા તોશીફભાઈ સહિતના અનેક આગેવાનો અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. કટોકટીની ઘડીમાં નિઃસ્વાર્થ ભાવે કરાયેલી આ રાહત કામગીરી દ્વારા હાશ્મી કમિટીએ સમાજમાં માનવતા એ જ સાચો ધર્મ છે એવો પ્રેરણાદાયી સંદેશો આપ્યો છે.

# બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટે પાલિકાના ૧૯૯ કર્મીઓને રાહત કીટ વિતરણ કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૦ :** સ્થાનિક તેમજ ઉપરવાસમાં અતિભારે વરસાદને પગલે બીલીમોરા શહેરમાં મહાપૂરની સ્થિતિ સર્જાઈ હતી. પૂર બાદ નગરપાલિકાના સફાઈ કર્મીઓએ રાત-દિવસ ભારે જહેમત ઉઠાવી શહેરની સફાઈ કરી રોગચાળો ફેલાતો અટકાવવા મહત્વની કામગીરી કરી હતી.

કર્મીઓની સેવાભાવનાને બિરદાવતાં બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા જુના ફાયર સ્ટેશન ખાતે શનિવાર સાંજે નગરપાલિકાની વિવિધ શાખાના કુલ ૧૯૯ કર્મીઓને રાહત કીટનું વિતરણ કરાયું હતું. જેમાં આરોગ્ય શાખાના ૧૨૩, બાંધકામ શાખાના ૨૨, ફાયર શાખાના ૨૧ અને વોટર વર્ક્સ શાખાના ૧૫ કર્મીઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનીષભાઈ પટેલ, બીલીમોરા શહેર ભાજપ સંગઠનના પ્રમુખ નિરવ ટેલર, પૂર્વ પ્રમુખ વિજયભાઈ પટેલ તેમજ સોમનાથ મંદિરના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલ, ખજાનચી વિનોદભાઈ દેસાઈ અને ટ્રસ્ટી જગદીશ મહેતા, પંકજ મોદી માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.

# વઘઈ સરકારી કોલેજમાં વિવિધ કાર્યક્રમો યોજાશે

**આહવા, તા. ૧૦ :** ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના માર્ગદર્શન અને જિલ્લા વહીવટી તંત્રની સૂચના અનુસાર 'હર ઘર તિરંગા-૨૦૨૬' અભિયાન અંતર્ગત તા. ૧૦ ઓગસ્ટના રોજ નિબંધ સ્પર્ધા યોજાશે.

જેમાં 'હર ઘર તિરંગા' તથા દેશભક્તિની અભિવ્યક્તિ જેવા વિષયો આધારિત સર્જનાત્મક લેખન માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. જ્યારે તા.૧૧ ઓગસ્ટે સૂત્રલેખન સ્પર્ધા, દેશભક્તિ ગીત સ્પર્ધા તેમજ કોલેજ કેમ્પસમાં સ્વચ્છતા અભિયાન યોજાશે. તા. ૧૨ ઓગસ્ટે તિરંગા રેલી અને 'વંદે માતરમ'નું સામૂહિક ગાન યોજાશે.

તા. ૧૩ ઓગસ્ટે દેશભક્તિ આધારિત વક્તૃત્વ સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા યોજાશે તેમજ વિદ્યાર્થીઓ માટે સેલ્ફી કોર્નર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તા.૧૪ ઓગસ્ટે વિવિધ વિષય આધારિત ઉદ્ઘોષણ, વીડિયો નિદર્શન, દેશભક્તિ આધારિત ગીતો પર નૃત્ય સ્પર્ધા અને વર્ગ સુશોભન જેવી પ્રવૃત્તિઓ યોજાશે.

તા. ૧૫ ઓગસ્ટે પ્રભાત ફેરી, 'વંદે માતરમ'નું સામૂહિક ગાન અને ધ્વજ વંદન સહિતના કાર્યક્રમો યોજાશે. સમાપન કાર્યક્રમ તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કોલેજ ખાતે યોજાશે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૧-૦૮-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** અષાઢ, ચૌદસ, **સૂર્યોદય :** ૦૬ : ૧૮ **સૂર્યાસ્ત** ૦૭ :૧૧, **ચંદ્રોદય** - ૦૪:૨૪ **ચંદ્રાસ્ત** - ૦૬:૨૦ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - પુનર્વસુ

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો છે. કાર્યક્ષેત્રમાં તમારી સ્થિતિ મજબૂત બનશે અને અટકેલા કામ પૂરા થશે પરિવારમાં કોઈ શુભ કાર્યક્રમનું આયોજન થઈ શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** તમારા માટે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. વેપારમાં નવા સંપર્કો બનશે જે ભવિષ્યમાં ફાયદો કરાવશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજનો દિવસ તમારા માટે ઉર્જાવાન રહેશે. નોકરી કરતા લોકોને પ્રમોશન કે નવી જવાબદારી મળી શકે છે.

**કર્ક (ડ, હ) :** આજે તમારે તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખવું પડશે. કોઈપણ નિર્ણય ઉતાવળમાં ન લેવો. આર્થિક બાબતોમાં સાવધાની રાખવી અને બિનજરૂરી ખર્ચ ટાળવો.

**સિંહ (મ, ટ) :** તમારા માટે આજનો દિવસ ખૂબ જ સારો રહેશે. શુક્રના ગોચરના પ્રભાવથી તમારી લોકપ્રિયતા અને આકર્ષણમાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનત રંગ લાવશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજનો દિવસ તમારા માટે સાનુકૂળ છે. તમે કોઈ નવી પ્રોપર્ટી અથવા વાહન ખરીદવાનું વિચારી શકો છો. વેપારમાં સારો નફો મળવાની આશા છે. લવ લાઈફમાં રોમાન્સ વધશે.

**તુલા (ર, ત) :** આજે ભાગ્ય તમારો સાથ આપશે. લાંબા સમયથી અટકેલા સરકારી કામો પૂરા થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટેનો સારો દિવસ છે.પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે.

**વૃશ્ચિક (ન, ય) :** તમારા માટે આજનો દિવસ થોડો સંઘર્ષપૂર્ણ રહી શકે છે. કાર્યક્ષેત્રમાં કામનું ભારણ વધુ રહેશે, જેનાથી માનસિક થાક અનુભવાશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમને અચાનક ધનલાભ થવાની સંભાવના છે. પરિવાર સાથે સમય વિતાવવાની તક મળશે. વેપારીઓ માટે આજનો દિવસ નફાકારક રહેશે.

**મકર (ખ, જ) :** આજનો દિવસ તમારા માટે સામાન્ય રહેશે. વડીલોના આશીર્વાદથી તમારા કામ પૂરા થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવાની જરૂર છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. કાર્યક્ષેત્રે તમારી યોજનાઓ સફળ થશે. વેપારમાં નવું રોકાણ કરવા માટે આજનો દિવસ સારો છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે તમારું સ્વાસ્થ્ય થોડું નરમ-ગરમ રહી શકે છે. બિનજરૂરી માનસિક ચિંતાઓથી દૂર રહેવું. કાર્યક્ષેત્રે સાથીદારો સાથે વિવાદ થઈ શકે છે, તેથી વાણી પર સંયમ રાખવો। ધૈર્ય જાળવી રાખવું.

# દમણ રેડિયો

**102.3 FM**

મંગળવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 7 | 9 | | 1 | 8 | | 6 |
| | 1 | | | 6 | | | 7 | |
| 6 | | | | | | | | 9 |
| | | | 7 | 5 | 4 | | | |
| | 7 | 4 | | | | 1 | 2 | |
| | | | 1 | 9 | 2 | | | |
| 8 | | | | | | | | 4 |
| | 4 | | | 2 | | | 9 | |
| 1 | | 6 | 4 | | 5 | 2 | | 3 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૪૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 8 | 6 | 4 | 9 | 3 | 7 | 2 |
| 2 | 6 | 3 | 7 | 1 | 8 | 9 | 5 | 4 |
| 9 | 7 | 4 | 3 | 5 | 2 | 6 | 1 | 8 |
| 7 | 4 | 6 | 1 | 9 | 3 | 8 | 2 | 5 |
| 8 | 1 | 9 | 5 | 2 | 4 | 7 | 6 | 3 |
| 3 | 2 | 5 | 8 | 6 | 7 | 1 | 4 | 9 |
| 4 | 3 | 2 | 9 | 7 | 1 | 5 | 8 | 6 |
| 5 | 9 | 1 | 2 | 8 | 6 | 4 | 3 | 7 |
| 6 | 8 | 7 | 4 | 3 | 5 | 2 | 9 | 1 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# સંજાણમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



**ધારાસભ્ય રમણભાઈ પાટકર સહિત આગેવાનોની હાજરીમાં ૩ કિ.મી.ની યાત્રામાં યુવાનો, મહિલાઓ, વેપારીઓ અને સામાજિક સંસ્થાઓ મોટી સંખ્યામાં જોડાયા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** 'હર ઘર તિરંગા' અને 'ચલો તિરંગા' અભિયાન અંતર્ગત સંજાણ ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમણભાઈ પાટકર સહિત ભાજપના આગેવાનોની આગેવાનીમાં યોજાયેલી આ યાત્રામાં હજારોની સંખ્યામાં યુવાનો, મહિલાઓ, વેપારીઓ, કાર્યકરો અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયા હતાં. સંજાણના મોહનભાઈ સલાટના કાર્યાલય ખાતેથી સવારે ૯:૩૦ કલાકે શરૂ થયેલી તિરંગા યાત્રા રેલવે સ્ટેશન થઈ ઉદવા રોડ તરફ આગળ વધી હતી અને આશરે ૩ કિલોમીટરનું અંતર કાપ્યા બાદ તેનું સમાપન થયું હતું. હાથમાં તિરંગા લઈને મોટી સંખ્યામાં જોડાયેલા લોકોના દેશભક્તિના નારા સાથે સમગ્ર સંજાણ દેશભક્તિના રંગે રંગાયું હતું. 'ભારત માતા કી જય' સહિતના નારાથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. યાત્રામાં ધારાસભ્ય રમણભાઈ પાટકર, ઉમરગામ તાલુકા પ્રભારી મુકેશભાઈ તિવારી, મહામંત્રી કમલેશભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, ઉપપ્રમુખ હાર્દિકભાઈ શાહ, તાલુકા પંચાયત સભ્ય તેજા રામ, દહાડ સરપંચ નરેન્દ્ર નાયક, એપીએમસી ડાયરેક્ટર વિજય પાટકર, વલસાડ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નરેશભાઈ વડવી, ચિરાગભાઈ, મયુરીબેન, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ, દીપકભાઈ મિસ્ત્રી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ દિલીપભાઈ ભંડારી સહિત ભાજપ મહિલા મોરચા, યુવા મોરચાના આગેવાનો-કાર્યકરો તેમજ ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ નિરવભાઈ શાહ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે આગેવાનોએ જણાવ્યું હતું કે, દેશની આઝાદીની ચળવળ દરમિયાન મહાત્મા ગાંધી સહિતના રાષ્ટ્રીય આગેવાનોએ લોકોમાં રાષ્ટ્રભાવના અને જાગૃતિ ફેલાવી હતી. સામાન્ય નાગરિકોને સાથે જોડીને સ્વતંત્રતાની ચળવળને જનઆંદોલનનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ જ રાષ્ટ્રભાવનાને નવી પેઢી સુધી પહોંચાડવા 'હર ઘર તિરંગા' અને 'ચલો તિરંગા' જેવા અભિયાનો દ્વારા લોકોને જોડવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૪૭માં ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના છે, ત્યારે વિકસિત અને સશક્ત ભારતના સંકલ્પ સાથે દેશભરમાં રાષ્ટ્રભાવના વધુ મજબૂત બને તેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા હોવાનું જણાવાયું હતું. તિરંગા યાાા દરમિયાન યુવાનોમાં રાષ્ટ્પ્રેમ અને દેશ પ્રત્યેની જવાબદારી વધારવા સાથે નશામુક્ત યુવા, જાગૃત સમાજ અને દેશના વિકાસમાં સક્રિય ભાગીદારીનો સંદેશ આપવામાં આવ્યો હતો. સમગ્ર યાત્રામાં એક જ ભાવના જોવા મળી હતી 'મારો દેશ, મહાન દેશ'. યાત્રાને સફળ બનાવવા બદલ ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા ભાજપ પ્રમુખ નિરવભાઈ શાહ સહિત તમામ આયોજકો તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવનાર સંજાણની જનતા, યુવાનો, મહિલાઓ, વેપારીઓ અને સામાજિક સંસ્થાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



વાપી દમણ રોડ પર ચલામાં દૌલત નગરથી કચીગામ રોડને જોડાતો રિંગ રોડ મહાનગર પાલિકા દ્વારા થોડાં મહિના પહેલાં બનાવવામાં આવ્યો હતો. જોકે અહીં ટ્રાફિક પોલીસના અભાવે રોજ સાંજે પિક અવરમાં ભારે ટ્રાફિક જામ સર્જાય છે જેને લઈ વાહન ચાલકો તોબા પોકારી રહ્યાં છે. અહીં પિક અવરમાં ટ્રાફિક પોલીસ મૂકવા લોકોની માંગ છે.

# દમણની કોલેજમાં વિદ્યાર્થીઓને વકીલોએ કાયદાકીય માહિતી આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ દ્વારા એડવોકેટ્સ બાર એસોસિએશનના સહયોગથી આયોજિત કાનૂની સાક્ષરતા શિબિરમાં, ન્યાયિક અધિકારી ઓમકાર જે. કુલકર્ણીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને નાગરિકોને કાયદાના મહત્વ અને વિવિધ કાનૂની જોગવાઈઓ વિશે વિગતવાર માહિતી પ્રદાન કરી. તેમણે ભાર મૂક્યો કે સમાજમાં વ્યવસ્થા અને સુરક્ષા જાળવવા માટે કાયદો આવશ્યક છે. કાયદા વિના, અરાજકતા પ્રવર્તશે, અને લોકોના અધિકારોનું રક્ષણ અશક્ય બનશે. અંતે, એડવોકેટ મિલન પટેલે NALSA ની DAWN યોજના હેઠળ ડ્રગ-મુક્ત ભારત અભિયાન પર પ્રકાશ પાડ્યો, યુવાનોને ડ્રગ્સના દુષ્પ્રભાવો, નિવારક પગલાં અને ડ્રગ્સ સંબંધિત કાનૂની જોગવાઈઓ વિશે માહિતી આપી. તેમણે વિદ્યાર્થીઓને ડ્રગ્સથી દૂર રહેવા, સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને સમાજને ડ્રગ-મુક્ત બનાવવામાં સક્રિય ભૂમિકા ભજવવા વિનંતી કરી.

# સેલવાસમાં 'રાન ભાજી મહોત્સવ' સંપન્ન

## ગુણસા ગામની જનજાતીય મહિલાઓ આકર્ષણનું કેન્દ્ર બની : પરંપરાગત જનજાતીય વાનગીઓ અને પ્રાકૃતિક ખાદ્ય સંસ્કૃતિની અનોખી ઝલક જોવા મળી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૦ :** વનવાસી કલ્યાણ આશ્રમ, સિલવાસાના સહયોગથી લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ તેમજ હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના સંયુક્ત ઉપક્રમે 'રાન ભાજી મહોત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં ગુણસા ગામની જનજાતીય મહિલાઓએ પ્રદર્શક તરીકે સહભાગી બની પોતાની પરંપરાગત કળા, સંસ્કૃતિ અને ખાદ્ય પરંપરાનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

મહોત્સવમાં જંગલોમાં કુદરતી રીતે ઉગતી વિવિધ પ્રકારની રાન ભાજીઓનું -દર્શન યોજાયું હતું. નાગરિકોને પરંપરાગત જનજાતીય વાનગીઓનો સ્વાદ માણવાની સાથે પ્રાકૃતિક અને પૌષ્ટિક ખાદ્ય સંસ્કૃતિને નજીકથી જાણવાનો અવસર મળ્યો હતો. જનજાતીય મહિલાઓએ વિવિધ રાન ભાજીઓ અને પરંપરાગત ખાદ્ય પદાર્થો અંગે મુલાકાતીઓને માહિતી પણ આપી હતી.

# બાબરખડક પ્રા. શાળાના ખેલાડીઓએ એથલેન્ટીક્સ સ્પર્ધામાં ૧૩ મેડલો મેળવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૦ :** સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ, વલસાડના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી ૭૦મી અખિલ ભારતીય શાળાકીય રમતો અંતર્ગત નાનાપોંઢા તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં બાબરખડક પ્રાથમિક શાળાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમગ્ર તાલુકામાં શાળાનું ગૌરવ વધાર્યું છે.

એથ્લેટિક્સ સ્પર્ધામાં શાળાના ખેલાડીઓએ કુલ ૧૩ મેડલ પોતાના નામે કર્યા હતા. જેમાં ૮ સુવર્ણ, ૧ રજત અને ૪ કાંસ્ય મેડલનો સમાવેશ થાય છે. ખેલાડીઓના આ શાનદાર પ્રદર્શનથી શાળા પરિવાર તેમજ સમગ્ર ગામમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. વિજેતા ખેલાડીઓમાં મહિમાએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ તથા ૨૦૦ મીટર દોડમાં દ્વિતીય, અલસિફાએ ૨૦૦ મીટર દોડ અને ૮૦ મીટર વિઘ્ન દોડમાં પ્રથમ, વૈભવીએ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ, સંજનાએ ઊંચી કૂદમાં પ્રથમ તથા ૪૦૦ મીટર દોડમાં તૃતીય, માહીએ ચક્કા ફેંકમાં તૃતીય, અંશે ૪૦૦ મીટર દોડ અને ઊંચી કૂદમાં પ્રથમ, હેત્વિકે ૮૦ મીટર વિઘ્ન દોડમાં પ્રથમ તથા ૧૦૦ મીટર દોડમાં તૃતીય અને પ્રિયાંશે ઊંચી કૂદમાં તૃતીય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીઓની આ ભવ્ય સિદ્ધિ પાછળ તેમની અથાગ મહેનત, નિયમિત તાલીમ, શિક્ષકોનું પ્રેરણાદાયી માર્ગદર્શન અને વાલીઓનો સતત સહયોગ રહેલો છે. ખેલાડીઓને રમતગમત માર્ગદર્શક ગણેશભાઈ એલ. જાદવ, શાળાના આચાર્યશ્રી તથા સમગ્ર શિક્ષકવૃંદ દ્વારા સતત માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી હતી, જેના પરિણામે શાળાને આ ઐતિહાસિક સફળતા પ્રાપ્ત થઈ છે.શાળાની આ ગૌરવસભર સિદ્ધિ બદલ ગામના આગેવાનો, શાળા વ્યવસ્થાપન સમિતિ, વાલીઓ, શિક્ષણપ્રેમીઓ તથા રમતપ્રેમીઓએ તમામ વિજેતા ખેલાડીઓ, માર્ગદર્શક શિક્ષકો અને સમગ્ર શાળા પરિવારને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

# કોરવડ અને બિલપુડી બીઆરએસ કોલેજમાં આદિવાસી દિવસ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૦ :** ધરમપુર તાલુકાના કોરવડ અને BRS કોલેજ ખાતે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, વલસાડ જિલ્લા પંચાયતના સભ્ય મણિલાલભાઈ ગાવીત, જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી ગણેશભાઈ બિરારી, વલસાડ જિલ્લા યુવા ભાજપના પ્રમુખ પ્રભાકર યાદવ, પાનવા ગામના સરપંચ સતિષભાઈ ચૌધરી, સતિષભાઈ બારીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ધરમપુર તાલુકાના વિવિધ આદિવાસી વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો અને યુવાનો એકત્ર થયા હતા. કાર્યક્રમ દરમિયાન આદિવાસી પરંપરાગત નૃત્ય અને વાજિંત્રોની તાલે ઉપસ્થિત લોકો ઝૂમી ઉઠ્યા હતા. BRS કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને લોકકલા જળવાઈ રહે તે માટે સૌએ એકતાની ભાવના સાથે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન આદિવાસી સંસ્કૃતિની અનોખી ઝલક જોવા મળી હતી. મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ અને પરંપરાગત નૃત્ય-સંગીતથી સમગ્ર વાતાવરણ આદિવાસી સંસ્કૃતિના રંગે રંગાઈ ગયું હતું.

# દમણની શ્રીનાથજી કોલેજમાં ફ્રેશર અને ફેરવેલ પાર્ટી યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** દમણ ખાતે આવેલ શ્રીનાથજી ગ્રુપ ઓફ કોલેજમાં તા.૮મી ઓગષ્ટના રોજ ફ્રેશર અને ફેરવેલ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને એમાં વિદ્યાર્થીઓએ ગ્રૃપ ડાન્સ અને સોલો ડાન્સ પરફોર્મ કર્યા હતાં, આ વર્ષે છેલ્લા વર્ષમાં પાસ થનાર વિદ્યાર્થીઓને ભવ્ય રીતે ફેરવેલ આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા બદલ



સંચાલક મંડળ દ્વારા કોલેજના આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

# ધરમપુરની કાનજી ફ. વર્ગ શાળામાં બાળમેળા યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૦ :** જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્યોનો વિકાસ થાય અને બાળકોની સુષુપ્ત પ્રતિભાઓને ઉજાગર કરવાની તક મળે તે હેતુસર ધરમપુરની કાનજી ફ. વર્ગ શાળામાં 'બાળમેળા' ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળમેળામાં બાલવાટિકાથી ધોરણ ૧થી ૫ સુધીના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે રંગોળી, રંગપૂરણી, છાપકામ, માટીકામ, ચીટકકામ, કાતરકામ તેમજ વિવિધ બાલરમતો જેવી સર્જનાત્મક અને મનોરંજક પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

પ્રવૃત્તિઓ દરમિયાન બાળકોએ મનોરંજન સાથે જ્ઞાન મેળવ્યું તેમજ તેમની અંદર રહેલી સર્જનાત્મકતા, સહકારની ભાવના, નેતૃત્વ ગુણ, લોકશાહી ભાવના અને સાહસિકતા જેવા જીવન કૌશલ્યોને વિકસાવવાની તક મળી હતી.

બાળકો માટે આ સમગ્ર દિવસ ઉત્સવ સમાન બની રહ્યો હતો. શાળાના મુખ્ય શિક્ષક તથા સમગ્ર શાળા પરિવારે બાળમેળાનું સુંદર આયોજન કરી બાળકોને પોતાની પ્રતિભા દર્શાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

# વાપીમાં જડીબુટ્ટી દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** પ્રભુ ઉપવન, જી.આઈ.ડી.સી., વાપીમાં પતંજલિ મહિલા યોગ સમિતિ દ્વારા દક્ષિણ ગુજરાત રાજ્ય પતંજલિ મહિલા પ્રભારી તનુજાબેનના માર્ગદર્શન હેઠળ જડીબુટ્ટી દિવસ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત રાજ્ય કાર્યકારિણી સભ્ય આદરણીયા શીલાબેન વશીએ ઔષધીય છોડોના મહત્વ તથા તેમના આરોગ્યલાભ અંગે માહિતી આપી અને સૌને ઔષધીય છોડ વાવવાનો તથા તેમનું સંરક્ષણ કરવાનો સંદેશ આપ્યો. કાર્યક્રમની મુખ્ય અતિથિ એડવોકેટ તથા નોટરી આદરણીયા રશ્મિકાબેન મહેતા રહ્યા. વિશિષ્ટ અતિથિઓમાં એલ.ઈ. ઉડાનની પ્રમુખ રેખાબેન ચિતે, દમણ જિલ્લા મહિલા અધ્યક્ષ આદરણીયા વર્ષાબેન તથા નર્સરી સંચાલિકા પ્રીતિબેન ગર્ગ ઉપસ્થિત રહ્યાં હતાં. અતિથિઓના કરકમળોથી યોગ સાધકોને હાડજોડ, એલોઈવેરા (ધૃતકુમારી), અર્જુન, સહજન, નીમ, પીપળ, બ્રાહ્મી, નાગદૌન, નાગરવેલ, દમબેલ સહિત વિવિધ ઔષધીય છોડોનું વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમનો -રંભ પર્યાવરણ શુદ્ધિ તથા વિશ્વ કલ્યાણ માટે વૈદિક યજ્ઞથી થયો. આ અવસરે યોગ સાધકોએ આકર્ષક યોગકૃતિઓ તથા કઠિન યોગાસનોનું પ્રદર્શન પણ કર્યું. કાર્યક્રમના સફળ આયોજનમાં શીલાબેન વશી તથા મહિલા પતંજલિ યોગ સમિતિની ટીમનું નોંધપાત્ર યોગદાન રહ્યું.

**વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે 'જય વણઝારા મામા દેવ સેવા સમિતિ ટ્રસ્ટ' દ્વારા**

# વાપીમાં રકતદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વિશ્વ આદિવાસી દિવસ આદિવાસી સમાજની ગૌરવશાળી પરંપરા, સમૃદ્ધ સંસ્કૃતિ તથા જળ, જંગલ અને જમીન સાથેના અતૂટ સંબંધને ઉજાગર કરવાનો દિવસ છે. ત્યારે આજના આધુનિક યુગમાં પણ પૂર્વજોની વિચારધારાને જીવંત રાખી સમાજલક્ષી અને માનવતાવાદી સેવાકાર્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે 'જય વણઝારા મામા દેવ સેવા સમિતિ ટ્રસ્ટ' દ્વારા ઉત્સવ કે અન્ય કાર્યક્રમને બદલે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. 'રક્તદાન એ જ જીવનદાન'ના સંદેશને સાર્થક કરતી આ શિબિરમાં આદિવાસી સમાજના ૬૯થી વધુ યુવાન-યુવતીઓએ સ્વૈચ્છિક રક્તદાન કરી માનવતાની અનોખી મિસાલ પૂરું પાડી હતી. ટ્રસ્ટના પ્રમુખ અજયકુમાર ચીમનભાઈ ધોડી તથા મોહનગામ ગ્રામ પંચાયતના સરપંચ સતિષભાઈ હળપતિના માર્ગદર્શન અને પ્રયત્નોથી આ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં વલસાડ બ્લડ ડોનેશન બેંકના નિષ્ણાત તબીબો તથા નર્સિંગ સ્ટાફ દ્વારા રક્તદાન કરનારાઓની જરૂરી તબીબી તપાસ અને રક્તસંગ્રહની કામગીરી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સ્થાનિક ઉમરગામના ધારાસભ્ય રમણભાઈના સુપુત્ર વિજયભાઈ રમણભાઈ પાટકરે પણ જાતે રક્તદાન કરી યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રસંગે પૂર્વ તાલુકા પંચાયત સભ્યો, સરપંચો તથા વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહન અને સહકાર આપ્યો હતો. આજના સમયમાં લોકો પોતાની વ્યસ્ત જીવનશૈલીમાં વ્યસ્ત હોવા છતાં 'જય વણઝારા મામા દેવ સેવા સમિતિ ટ્રસ્ટ' દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીને સેવાકાર્ય સાથે જોડીને સમાજમાં માનવતા અને સેવાભાવનો સંદેશ આપવામાં આવ્યો છે.

# બાલચોંડીની અંબેમાતા કન્યા વિદ્યાલયમાં વિવિધ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૧૦ :** નાનાપોંઢા તાલુકાના બાલચોંડી સ્થિત ચાલતી અંબેમાતા કન્યા વિદ્યાલયમાં શાળા સંચાલકનાં ડાયરેક્ટર હર્ષદભાઈ પટેલ શાળાના આચાર્ય જયદીપભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ધો. ૯થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં મહેંદી સ્પર્ધા, આરતી થાળી શણગાર, કેશ ગુફન સ્પર્ધામાં પ્રથમ અને રાખડી બનાવવાની સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદશન કરતા બાળકોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપી વિજેતા જાહેર કર્યા હતાં. આ વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજેતા થયેલા વિદ્યાથીઓને શાળાના આચાર્ય જયદીપ મહેતા અને શિક્ષક સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવ્યા હતાં.

# વટાર હાઈ.માં વાલી મિટિંગ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતીનધિ)

**વાપી, તા. ૧૦ :** એસએસબીડી દેસાઈ વટારમાં તા.૮/૮/૨૦૨૬ના રોજ પ્રથમ સત્ર વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાલી મિટિંગમાં ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલી-મિત્રો તેમજ શાળાના આચાર્ય ડો. નિખિલભાઈ કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. શાળાના આચાર્ય ડો. નિખિલભાઈ કે. પટેલે ઉપસ્થિત વાલીઓને બાળકોના સર્વાંગીક વિકાસ માટે વાલીઓએ સતત જાગ્રત રહી શાળાના સંપર્કમાં રહેવું જોઈએ. એ વિષય ઉપર વિશેષ માર્ગદર્શન આપ્યું તેમજ બાળકોના શાળા સમય પછીના અભ્યાસ પર તેમના માતા પિતા કેવી રીતે ધ્યાન આપી શકે છે તે માટેના જરૂરી સૂચનો પૂરા પાડ્યા હતાં. શાળાના સુપરવાઇઝર રીટાબેન પટેલ બોર્ડના વિદ્યાર્થીઓ માટે વાલીઓએ કેટલું સજાગ રહેવું પડશે એ વિશેષ સમજૂતી વાલીગણને પુરી પાડી હતી. વાલી મિટિંગનું સમગ્ર સંચાલન શાળાની શિક્ષિકા સાધનાબેન પટેલ કર્યો હતો. તેમજ શાળાના અન્ય શિક્ષકો પણ વાલી મીટીંગને સફળ બનાવવા માટે સહભાગી થયા હતાં. શાળાના આચાર્યશ્રી નિખિલભાઈ કે. પટેલે વાલી મિટિંગમાં ઉપસ્થિત થયેલા તમામ વાલીઓને આભાર માન્યો હતો.

# વાપી માહેશ્વરી મહિલા મંડળ દ્વારા 'સાવન કા ઝૂલા' કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતીનધિ)


**વાપી, તા. ૧૦ :** માહેશ્વરી મહિલા મંડળ, જિલ્લા વલસાડ (વાપી, ઉમરગાંવ અને દમણ) દ્વારા તા.૪ ઓગસ્ટના રોજ મહેશ ભવન, વાપી ખાતે સાવન કા ઝૂલો કાર્યક્રમ શ્રદ્ધા અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો. કાર્યક્રમમાં ૭૧ મંડળની સખીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



કાર્યક્રમની અધ્યક્ષતા મંડળના અધ્યક્ષા મનીષા કાબરા અને સંચાલન સચિવ શિલ્પી સોમાની દ્વારા કરવામાં આવ્યું. મંડળની સખીઓ દ્વારા લાવવામાં આવેલા સુંદર-સુંદર ઝૂલાઓમાં સજાવેલા કાન્હાજીની ઝાંખી આકર્ષણનું કેન્દ્ર બની હતી. આખા હોલને સાવનના રંગોથી શણગારવામાં આવ્યો હતો.

આ એક્ઝિબિશનના કોર્ડિનેટર સંગીતા કાબરા અને વિશાખા બાહેતી રહ્યા હતા. સ્ટોલને તમામ સભ્યોએ બિરદાવ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ સહયોગીઓ, વોલેન્ટિયર્સ અને ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

# વાપીની આર.કે. દેસાઈ કોલેજમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું લોકનૃત્ય કરતા અમારા એફ.વાય. બી.એડ.ના તાલીમાર્થીઓ આ દિનની ઉજવણી નિમિત્તે અમારી સંસ્થાના F.Y.B.Ed.ના તાલીમાર્થીઓ આદિવાસી સંસ્કૃતિને સમજે અને આદિવાસી સમાજનું પ્રચલિત આદિવાસી નૃત્ય કરી શકે એ માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમનું આયોજન અમારી જ સંસ્થાના ડૉ. જયંતિલાલ. બી. બારીસ, ડૉ. વિમુખ પટેલ, પ્રા. પિયુષ પટેલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ તાલીમાર્થીઓ અને અધ્યાપકો પણ ઉત્સાહ સભર જોડાઈ આદિવાસી લોકગીત, લોક વાયકાત જેવી કૃતિઓ તેમજ લોકનૃત્ય કરી આનંદ વ્યક્ત કર્યો હતો અને સાથે એસ. સી, એસ.ટી સેલની રચના પણ કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૈષ્ણવી ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું.અંતે આચાર્ય ડૉ. પ્રીતિબેન ચૌહાણએ સર્વ તાલીમાર્થીઓને આદિવાસી દિવસની શુભકામનાઓ સાથે આશીર્વચન આપ્યા હતાં. આ સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી મીલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ તેમજ આચાર્ય ડો. પ્રીતિ ચૌહાણે અભિનંદન પાઠવ્યા હતાં.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

PWD CIVIL DIVISION NO.III (DP)
NOTICE INVITING TENDER
Procurement of spare motor pump sets for WS scheme and LIS scheme installed in D&NH area

| | |
|---|---|
| Tender No. | 12 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8210_1 |
| On line downloading start of tender documents | 07/08/2026 18:30 Hrs. |
| Last date & Time for Receipt of Bid/ Upload Bid | 18/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 18/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 18/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949
EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/ 511 Dt.07/08/2026

NO.: IP/DMN/2/5/2026-27/407 DATED : 10/08/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

PWD CIVIL DIVISION NO.III (DP)
NOTICE INVITING TENDER
Procurement of of Maintenance material for functioning of street light in North Zone DNH area

| | |
|---|---|
| Tender No. | 12 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8208_2 |
| On line downloading start of tender documents | 07/08/2026 18:30 Hrs. |
| Last date & Time for Receipt of Bid/ Upload Bid | 18/08/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 18/08/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 18/08/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949
EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2026/ 511 Dt.07/08/2026

NO.: IP/DMN/2/5/2026-27/406 DATED : 10/08/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

DIRECTORATE OF MEDICAL & HEALTH SERVICES, SILVASSA
No.DMHS/NAM/DNHDD/Recruitment/2025-26/336/11/2291
Date: 06/08/2026

ADVERTISEMENT
Directorate of Medical & Health services, Dadra & Nagar Haveli and Daman & Diu invites application from eligible candidates for the various posts to be filled on short term contract basis at National AYUSH Mission (NAM), DNH & DD

For details please scan QR code https://ddd.gov.in/
E-mail:- nam.dnh.ut@gmail.com
Tel: 0260-2642940

Last date of receiving application is 20/08/2026

O/o the Mission Director, National AYUSH Mission, 1" floor old Nursing College, NAMO Hospital, Silvassa, DNH-396230.

NO.: IP/DMN/2/5/2026-27/409 DATED :10/08/2026

# વિશેષ વાંચન

Tuesday 11, August 2026
દમણગંગા ટાઇમ્સ

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત





## ૧૬ વર્ષથી દર્શકોને ડરાવતી હોરર ફિલ્મના ૬ઠ્ઠા પાર્ટનું ટ્રેલર રિલીઝ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

હોલિવૂડની સૌથી લોકપ્રિય અને ડરામણી હોરર ફ્રેન્ચાઈઝી 'ઈન્સિડિયસ'ની છઠ્ઠી સિક્વલ ટૂંક સમયમાં જ સિનેમાઘરોમાં ધૂમ મચાવવા આવી રહી છે.

સોની પિક્ચર્સે 'ઈન્સિડિયસઃ આઉટ ઓફ ધ ફર્ધર'નું ફાઈનલ ટ્રેલર રિલીઝ કરી દીધું છે. ટ્રેલરમાં દર્શાવવામાં આવ્યું છે કે કેવી રીતે રાક્ષસો અને આત્માઓ અંધારી દુનિયામાંથી બહાર આવીને વાસ્તવિક દુનિયામાં પગ મૂકે છે. આ ફિલ્મ ૨૧ ઓગસ્ટના રોજ વિશ્વભરના થિયેટરોમાં રિલીઝ થશે અને તેની એડવાન્સ બુકિંગ પણ શરૂ થઈ ચૂકી છે

.બ્લુમહાઉસ અને એટોમિક મોન્સ્ટરના કો-પ્રોડક્શનમાં બનેલી આ ફિલ્મની સ્ટોરી 'જેમ્મા' નામના પાત્રની આસપાસ ફરે છે, જે રોલ અભિનેત્રી અમેલિયા ઈવે નિભાવ્યો છે. જેમ્મા તેની પુત્રી સાથે તે જ ઘરમાં રહે છે જ્યાં તેનું બાળપણ વિત્યું હતું. એક દિવસ તેને ખબર પડે છે કે તે 'ધ ફર્ધર' નામની એક રહસ્યમય દુનિયામાં જઈ શકે છે, જે આત્માઓ અને રાક્ષસોનું ઘર છે.




તેનામાં એ શક્તિ પણ છે કે તે ત્યાંથી આત્માઓને આપણી વાસ્તવિક દુનિયામાં લાવી શકે છે. જ્યારે રાક્ષસોને આ શક્તિની જાણ થાય છે, ત્યારે આખી દુનિયા તેમના માટે એક ખતરનાક રમતનું મેદાન બની જાય છે.

આ ફિલ્મમાં 'ઈન્સિડિયસ' સીરીઝની સૌથી લોકપ્રિય કેરેક્ટર 'એલિસ રેનિયર'ના રોલમાં ફરી એકવાર લિન શે જોવા મળશે, જે આત્માઓ સામે લડતી સ્પેશાલિસ્ટ તરીકે જાણીતી છે. આ ઉપરાંત બ્રેન્ડન પેરિયા, મેજી રિચર્ડસન-સેલર્સ, સેમ સ્પ્એલ અને લોરા ગોર્ડન જેવા કલાકારો પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મનું નિર્દેશન અને સ્ક્રિપ્ટ જેકોબ ચેસે તૈયાર કરી છે, જ્યારે જેસન બ્લુમ, ઓરેન પેલી, જેમ્સ વાન અને લી વ્હેનલ તેના પ્રોડ્યુસર્સ છે. 'ઈન્સિડિયસ' ફ્રેન્ચાઈઝી અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૭૪ કરોડ ડૉલરથી વધુની કમાણી કરી ચૂકી છે. વર્ષ ૨૦૧૦માં શરૂ થયેલી આ સીરીઝની અગાઉની પાંચેય ફિલ્મો બોક્સ ઓફિસ પર ભારે સફળ રહી હતી.

આ નવી ફિલ્મમાં કહાનીને એક નવો વળાંક આપવામાં આવ્યો છે, જ્યાં ભૂત-પ્રેત માત્ર ઘર પૂરતા સીમિત ન રહેતા સીધા માનવ જગતમાં ઘૂસણખોરી કરે છે. જો તમે હોરર ફિલ્મોના શોખીન હોવ, તો ૨૧ ઓગસ્ટે સિનેમાઘરોમાં આ થ્રિલર અનુભવ તમારા માટે તૈયાર છે.



## અનિલ કપૂરે તેલુગુ ફિલ્મ ડ્રેગનનું શૂટિંગ શરુ કર્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

પ્રશાંત નીલ નિર્દેશિત 'ડ્રેગન' ફિલ્મમાં નાકોટિક્સ બ્યુરોના વડા રઘુવીર રાઠોડની ભૂમિકા ભજવી રહેલાં અનિલ કપૂરે હૈદરાબાદમાં શૂટિંગ શરૂ કરી દીધું છે. ૧૯૬૦ના દાયકાની પશ્ચાદભૂ ધરાવતી આ ફિલ્મમાં જુનિયર એનટીઆર હીરો તરીકે લુગારનું પાત્ર ભજવી રહ્યો છે.આ પ્રસંગે સોશિયલ મિડિયા પર પોતાના તેલુગુ સિનેમા સાથેના સંસ્મરણો શેર કરતાં અનિલ કપૂરે જણાવ્યું હતું કે ૧૯૮૦માં મેં બાપુની ફિલ્મ 'વંશવૃક્ષમ'નું શૂટિંગ અહીં કર્યુ હતું. મારી આ પ્રથમ તેલુગુ ફિલ્મમાં મને હીરો તરીકે રજૂ કરવામાં આવ્યો હતો.

આ ફિલ્મના શૂટિંગ માટે મારે રોજ સવારે ચાર વાગ્યે ઉઠી જવું પડતું હતું.આ અનુભવથી મારામાં આવેલી શિસ્તબદ્ધતા હજી મને કામ આવે છે. અનિલ કપૂર ૪૬ વર્ષ બાદ તેલુગુ સિનેમામાં 'ડ્રેગન' ફિલ્મથી પાછો ફરી રહ્યો છે.અનિલ કપૂરે ઇન્સ્ટા પર કાજોલ સાથે રામોજી ફિલ્મ સિટીમાં ૧૯૯૯માં આવેલી તેની ફિલ્મ 'હમ આપ કે દિલ મેં રહતે હૈ'ના શૂટિંગની વાતો યાદ કરી હતી. અનિલ કપૂરે કાજોલ સાથે ફરી કામ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

## માલામાલ વીકલી ટુમાં રવિના અને પરિણીતિ ચોપડાની એન્ટ્રી




(સંપૂર્ણ સમાચાર સેવા)

બોલિવુડની લોકપ્રિય કોમેડી ફિલ્મ 'માલામાલ વીકલી'નો બીજો ભાગ 'માલામાલ વીકલી ટુ 'બની રહ્યો છે. આ ફિલ્મમાં હિરોઇનો તરીકે રવિના ટંડન અને પરિણીતિ ચોપડાને સાઇન કરી લેવામાં આવી છે. આ ફિલ્મમાં એક મહત્વની ભૂમિકા માટે પરેશ રાવલને પણ સાઈન કરી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.રવિના અને પરિણીતિ બંને તેમના કોમિક ટાઇમિંગ માટે જાણીતી છે. રવિનાએ તો 'અંદાઝ અપના અપના'થી માંડી હમણાં આવેલી 'વેલકમ ટુ જંગલ'માં પણ કોમેડી કરી છે. જ્યારે પરિણીતિએ તો તેની કારકિર્દીની શરૂઆત જ ૨૦૧૧માં કોમેડી ફિલ્મ 'લેડીઝ વર્સીસ રિકી બહેલ'થી કરી હતી. અન્ય મહત્વની ભૂમિકાઓ માટે કાસ્ટિંગ થઇ રહ્યું છે. 'માલામાલ વીકલી ટુ'નું નિર્દેશન તાજેતરમાં આવેલી 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જીયા'ના નિર્દેશક અમિત જોશીને સોંપવામાં આવ્યું છે. આ ફિલ્મ 'માલામાલ વીકલી'ની સિક્વલ નથી. પણ પહેલાં ભાગની જેમ લાલચુ ગામડિયાના ટોળાંનો માહોલ જાળવી રાખવામાં આવશે, જે મોટી રકમની લાલચમાં ગમે તે હદે જાય છે. પણ આ વખતે સેટિંગ અને પાત્રો પણ અલગ હશે.




## બોર્ડરના દેશભક્તિના ગીતે ઈતિહાસ રચ્યો

### અનુ મલિક દ્વારા સંગીતબદ્ધ કરાયેલું અને સોનુ નિગમ તથા રૂપ કુમાર રાઠોડ દ્વારા ગવાયું હતું એને સંખ્યાબંધ પુરસ્કારો મળ્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦:** આજે પણ ઓગસ્ટ મહિનો શરૂ થાય અને ક્રાન્તિના દિવસોની સ્મૃતિઓનો માહોલ સર્જવા લાગે ત્યારે સૌ કોઇ દેશભક્તોના માનસપટલ પર દેશભક્તિનાં ગીતોનો ગુંજારવ થવા લાગતો હોય છે. ભારતીય ફિલ્મ સંગીતે દેશભક્તિનાં સંખ્યાબંધ અસરકારક ગીતોની ભેટ ધરી છે. થોડાં વર્ષ પહેલાં આવેલી 'બોર્ડર' ફિલ્મે એની વાર્તા, સમગ્ર ફિલ્માંકન, એના કલાકારોનો અભિનય તેમજ તેનાં ગીત-સંગીતને કારણે લોકો પર અમીટ છાપ છોડેલી છે. રાજસ્થાનની ગૂજરાંવાલા બોર્ડર પર બનેલી ૧૯૬૫ના પાકિસ્તાન સામેના યુદ્ધ સમયની સત્યઘટના પર આધારિત આ ફિલ્મ આજે પણ નિહાળવી ગમે એવી છે. એનું સમગ્ર પ્રેઝન્ટેશન રોમાંચક છે. તેનાં બધાં ગીતો સુપરહિટ થયાં છે. તેમાં શિરમોર ગીત છે..."સંદેશે આતેં હૈં..." આજે પણ આ ગીત વાગતું હોય કે એની ટ્યુન પણ સાંભળવા મળે તો સૌ કોઇ રોમાંચિત થઇ ઊઠે છે. આ ગીત જેણે ઈતિહાસ રચ્યો... ભારતીય સૈનિકોની લાગણીઓને જીવંત કરી... ગાયકને રેકોર્ડિંગ કરતી વખતે આંસુઓ લાવી દીધાં...તેને ફિલ્મ નિર્માણ દરમિયાન શરૂઆતમાં નકારી કાઢવામાં આવ્યું હતું. તે ૯ મિનિટ લાંબુ હોવાથી હિટ થવાની શક્યતા ઓછી હોવાનું અને દર્શકોને કંટાળો લાવે એવું અનુમાન એ વખતે થયું હતું. પરંતુ હકીકત જુદી જ સર્જાઇ. "સંદેશે આતેં હૈં..." હિટ નહીં, સુપર હિટ થયું. ગીત જાવેદ અખ્તર દ્વારા લખાયેલું, અનુ મલિક દ્વારા સંગીતબદ્ધ કરાયેલું અને સોનુ નિગમ તથા રૂપ કુમાર રાઠોડ દ્વારા ગવાયું હતું એને સંખ્યાબંધ પુરસ્કારો મળ્યા. હિન્દી ફિલ્મોના યશસ્વી નિર્માતા-નિર્દેશક જેપી દત્તાએ "બોર્ડર" બનાવી હતી. તેમને આ ફિલ્મની પ્રેરણા તેમના ભાઈ અનેસ્ક્વોડ્રન લીડર દીપક દત્તા પાસેથી મળી હતી, જે લોંગેવાલાના યુદ્ધનો ભાગ હતા. "બોર્ડર" નું આ ગીત જેપી દત્તાની માતાને કારણે બનાવવામાં આવ્યું હતું, જે દરરોજ તેમના પુત્ર (દીપક)ના પાછા ફરવાની આશા રાખતી હતી. જેપી દત્તાની પુત્રી નિધિ દત્તાએ એકવાર કહ્યું હતું કે તેમની દાદી રેડિયો પાસે આંગળીઓ ઓળંગીને બેસતી હતી, એવી આશામાં કે શહીદોના નામ જાહેર થાય ત્યારે દીપકનું નામ યાદીમાં ન હોય. બોર્ડર ૨ ના એક કાર્યક્રમમાં, નિધિ દત્તાએ કહ્યું, "રેડિયો પરથી દીપક દત્તાનું નામ લેવામાં આવતું ન હતું, ત્યારે દાદી મારા પિતાને કહેતી, 'મારો દીકરો ઘરે આવશે.'" નિધિએ સમજાવ્યું કે તેની દાદી દરરોજ તેના પિતા જેપીને આ વાત કહેતી. મારા પિતાને આ ઘટના યાદ હતી. એકવાર તેમણે જાવેદ સાહેબને તેના વિશે કહ્યું અને એક માતાની વેદના પર આધારિત આ ગીત બન્યું."'સંદેશે આતે હૈં...' ગીતને સંગીતકાર અનુ મલિકે કમ્પોઝ કર્યું છે. જો કે બહુ ઓછા લોકો જાણે છે કે તેમણે આ ધૂન બીજા એક ફિલ્મ માટે તૈયાર કરી હતી, જેને જે નકારવામાં આવ્યું હતું. હવે જ્યારે 'બોર્ડર' માટે 'સંદેશે આતે હૈં...' ની રચના થઇ રહી હતી તે સમયે જાવેદ અખ્તર પણ હાજર હતા. તેમણે અનુ મલિકને તેમના પેલા જૂના ગીતની યાદ અપાવી અને પછી તો એ ગીતને સજાવવામાં આવ્યું ને એ હિટ થઇ ગયું. ગીતકાર જાવેદ અખ્તરે "બોર્ડર" માટે ગીતો લખ્યાં હતાં, જેના માટે તેમને રાષ્ટ્રીય પુરસ્કારથી પણ સન્માનિત કરાયા હતા. ગીત કમ્પોઝ કરતી વખતે, તેમણે ૧૧ થી ૧૫ પાનાનાં ગીતો લખ્યા હતા. જ્યારે તેઓ અનુ મલિકને ગીતો બતાવવા ગયા, ત્યારે તેમને તે ગીતના શબ્દોપસંદ પડી ગયા.

## તરૂણ તેજપાલ કેસ પરથી વિશાલ ભારદ્વાજ ફિલ્મ બનાવશે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦ :** ભારતના ફિલ્મ દિગ્દર્શક સત્યજિત રાયના સમકાલીન જાપાનના વિખ્યાત ફિલ્મ સર્જક અકીરા કુરોસાવાની ૫૦ના દાયકામાં આવેલી ફિલ્મ રાશોમોનમાં એક જ ઘટનાને અલગ અલગ પાત્રની નજરે રજૂ કરવામાં આવી હતી. જે બાદમાં રાશોમોન સ્ટાઈલ તરીકે વિખ્યાત બની હતી. શેક્સપિયરના નાટકો હિન્દી ફિલ્મોમાં રજૂ કરનારા વિશાલ ભારદ્વાજે પત્રકાર તરૂણ તેજપાલના કેસ પરથી કુરોસાવાની આ રાશોમોન સ્ટાઈલમાં ફિલ્મ બનાવવાની જાહેરાત શુક્રવારે કરી હતી. વિશાલ ભારદ્વાજે જણાવ્યું હતું કે આ કેસના પરસ્પર વિરોધાભાસી ચૂકાદાઓ અને કેસની ઓછી જાણીતી વિગતો ફિલ્મ માટે રસપ્રદ બની રહે તેમ છે. જેને મોટા પડદે નિહાળી લોકો આશ્ચર્ય પામશે. કોઈ ૫૦૦ કરતાં વધારે પાનાનો કાનુની પરિભાષામાં લખાયેલો ચૂકાદો કેવી રીતે વાંચી શકે?મેં આ ચૂકાદાઓ વારંવાર વાંચ્યા છે અને હજી હું તેમની સાથે ઝઝુમી રહ્યો છું. સમાજ માટે આ એક ખૂબ મહત્વનો કેસ છે.પોતાની ફિલ્મ બાબતે વિશાલ ભારદ્વાજે જણાવ્યું હતું કે હું સ્ટોરીને વિવિધ નજરે રજૂ કરીશ. મારો અભિગમ એક તટસ્થ નિરીક્ષકનો રહેશે. તહેલકા સામયિકના સ્થાપક તરૂણ તેજપાલને ૨૦૧૩ના બળાત્કાર કેસમાં ગોવાની ટ્રાયલ કોર્ટે ૨૦૨૧માં છોડી મુક્યા બાદ હવે ૨૦૨૬માં હાઈકોર્ટે તેમને આ કેસમાં દોષી ઠેરવી દસ વર્ષની કેદની સજા ફટકારી છે. જેની સામે તેજપાલ સુપ્રીમ કોર્ટમાં જવાના છે.

## 'રામાયણ' જેવી કથા વિશ્વ સુધી પહોંચાડવાનો યોગ્ય સમય છે : કાજલ




(સંપૂર્ણ સમાચાર સેવા)


મુંબઈ, તા.૧૦

ડિરેક્ટર નિતેશ તિવારીની મેગા બજેટ ફિલ્મ 'રામાયણઃ પાર્ટ ૧'ના ટ્રેલરે દર્શકોમાં ભારે ચર્ચા જગાવી છે. અંદાજે ૪,૦૦૦ કરોડના બજેટમાં બની રહેલી આ ફિલ્મને નિર્માતાઓ માત્ર ભારત પૂરતી નહીં પરંતુ વૈશ્વિક સ્તરે રજૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. ત્યારે ફિલ્મમાં મંદોદરીની ભૂમિકા ભજવી રહેલી અભિનેત્રી કાજલ અગ્રવાલ માને છે કે 'રામાયણ' જેવી કથા સમગ્ર વિશ્વ સુધી પહોંચાડવાનો આ યોગ્ય સમય છે.ભારતીય સંસ્કૃતિને વૈશ્વિક મંચ પર રજૂ કરવાની વાત કરતાં કાજલે કહ્યું, "મને ખરેખર લાગે છે કે હવે સમય આવી ગયો છે કે, આપણે આપણી સુપરહીરો જેવી કથાઓ દુનિયાને કહેવી જોઈએ. ભગવાન રામ, લક્ષ્મણ, હનુમાનજી અને અન્ય મહાન પાત્રોની વાર્તાઓ સાથે આપણે બાળપણથી જ ઉછર્યા છીએ. આ કથાઓ આપણા લોહીમાં છે, આપણા દરેક શ્વાસમાં વસે છે અને આપણે તેને દિલથી પ્રેમ કરીએ છીએ." તેણે વધુમાં ઉમેર્યુ, "ભારતીય સિનેમાને વૈશ્વિક ઓળખ અપાવવાનો આ ઉત્તમ સમય છે અને તેના માટે ભગવાન રામથી વધુ યોગ્ય કથા બીજી કોઈ હોઈ શકે નહીં. મને લાગે છે કે આપણા દેશની ઓળખ વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે આ શ્રેષ્ઠ વાર્તા છે. ભગવાન રામ 'મર્યાદા પુરુષોત્તમ' છે અને તેમના કરતાં વધુ મહાન નાયક કોઈ નથી. રણબીર કપૂર તેમને પડદા પર ભજવી રહ્યા છે, જે એક ઉત્તમ પસંદગી છે."કેટલાક સમયથી હિન્દી ફિલ્મોથી દૂર રહેલી કાજલ અગ્રવાલ હવે ફરી બોલિવૂડમાં મળતી તકોથી ખુશ છે.

## સની દેઓલની 'પરશુરામ' મુલતવી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૦ :** ફિલ્મ 'કિલ'થી જેના કામની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે એવા ડિરેક્ટર નિખિલ નાગેશ ભટ્ટ હવે હોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. તેઓ ઓસ્કાર વિજેતા અભિનેતા જેમી ફોક્સની એક્શન થ્રિલર 'ડેડલૉક્ડ' ડિરેક્ટ કરશે. આ સાથે જ તેમના આગામી હિન્દી પ્રોજેક્ટ 'પરશુરામ'ને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યો છે.આ અંગેના અહેવાલ મુજબ, એમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત 'ડેડલૉક્ડ'નું વૈશ્વિક સ્ટ્રીમિંગ પ્રાઈમ વિડિયો પર થશે. ફિલ્મની વાર્તા એક ભૂતપૂર્વ મરીન અધિકારીની છે, જે જ્યુરી ડ્યુટી દરમિયાન કોર્ટરૂમમાં સર્જાયેલા બંધક સંકટ વચ્ચે ફરી એકવાર એક્શનમાં ઉતરવા




મજબુર બને છે.ફિલ્મની પટકથા એરિક સ્કોટ એન્ડરસન અને મેટ તાકેજિરો બોસેકે લખી છે, જ્યારે નિર્માતાઓમાં બ્રાયન કાવાનોફ-જોન્સ, ફ્રેડ બર્ગર, ડેવ કેપલાન અને જેમી ફોક્સનો સમાવેશ થાય છે.નિખિલ નાગેશ ભટ્ટને ફિલ્મ 'કિલ'થી વૈશ્વિક ઓળખ મળી હતી. ફિલ્મનું પ્રીમિયર ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ માં થયું હતું અને બાદમાં લાયન્સગેટે તેના વૈશ્વિક વિતરણ અધિકારો ખરીદ્યા હતા. લક્ષ્ય અને રાઘવ જુયાલની આ ફિલ્મને ભારતની સૌથી હિંસક ફિલ્મોમાંની એક ગણાવવામાં આવી હતી અને તેણે બોક્સ ઓફિસ પર ૪૭ કરોડથી વધુની કમાણી કરી હતી.

## અનિલ કપૂર અને મનીષા કોઈરાલાની ક્લાસિક ફિલ્મ થિયેટર્સમાં ફરી રિલીઝ થશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ,તા.૭:** મુંબઈઃ અનિલ કપૂર અને મનિશા કોઈલારાની ફિલ્મ '૧૯૪૨ લવસ્ટોરી' ફરી સિનેમાઘરમાં જોવા મળશે. આ ફિલ્મને રિલીઝ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ૯૦ના દાયકાની આ ફિલ્મ હજુ પણ એક આખા વર્ગની સૌથી ગમતી ફિલ્મ પૈકીની એક છે. ફિલ્મના ગીત અને સંગીત આજે પણ ઘણાય લોકોને એ ૯૦નો દાયકો યાદ અપાવી રહ્યા છે. આ ફિલ્મ હવે હાઈરિઝોલ્યુશન સાથે થિયેટર્સમાં રિલીઝ થવાની છે. એ સમયે જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ હતી એ સમયે આ ફિલ્મને ખાસ કોઈ રિસપોન્સ મળ્યો નહોતો. પણ જે દર્શકોએ આ ફિલ્મ જોઈ હતી તેમણે આ ફિલ્મને ખરેખર વખાણી હતી. લવસ્ટોરીનો ફલેવર આ ફિલ્મમાં ફીલ કર્યો હતો. અનિક કપૂરની આ ફિલ્મ ૮ઙ્ઘ રિઝોલ્યુશન સાથે સિનેમાઘરમાં રિલીઝ થવાની છે. ફિલ્મને લઈને ૯૦ના દાયકાનો ચાહકવર્ગ ખૂબ જ ઉત્સાહી છે.

## અજય દેવગણની ગોલમાલ ફાઈવ આવશે

### પ્રભાસની ફૌજી સામે કોમેડી ફિલ્મ ગોલમાલ ફાઈવ ટકી જશે તેવી ધારણા : ચોથી ડિસેમ્બરે 'ગોલમાલ ફાઈવ' રજૂ થશે




(સંપૂર્ણ સમાચાર સેવા)

બોલિવૂડના સુપરસ્ટાર અજય દેવગણે પોતાની રીલિઝ સ્ટ્રેટેજી બદલી છે.હવે આગામી ચોથી ડિસેમ્બરે તેની 'રેન્જર' ફિલ્મની જગ્યાએ 'ગોલમાલ ફાઇવ' રજૂ કરવામાં આવશે.રસપ્રદ બાબત એ છે કે એક દિવસ અગાઉ એટલે કે ત્રીજી ડિસેમ્બરે પ્રભાસની પિરિયડ ફિલ્મ 'ફૌજી' પણ રજૂ કરવામાં આવશે.આમ ડિસેમ્બરના પહેલાં અઠવાડિયામા અજય દેવગણ અને પ્રભાસ વચ્ચે બોક્સ ઓફિસ પર ટક્કર થશે. કદાચ અજય દેવગણની એવી ગણતરી છે કે પ્રભાસની ફિલ્મ સામે સિરિયસ સબ્જેક્ટ ધરાવતી 'રેન્જર' કરતાં કોમેડી ફિલ્મ 'ગોલમાલ ફાઈવ' ટકી જશે.આ વર્ષે ગોલમાલને વીસ વર્ષ થયા તે દિવસે 'ગોલમાલ ફાઇવ'ની જાહેરાત કરવામાં આવી હતી. બીજી તરફ હનુ રાઘવપુડી દ્વારા નિર્દેશિત પિરિયડ એક્શન ડ્રામા' ફૌજી'માં પ્રભાસ હીરો છે. આમ, બે અલગ જ પ્રકારની ફિલ્મો એક જ અઠવાડિયામાં રજૂ થશે.અજય દેવગણ ની હવે ઉપરાછાપરી ફિલ્મો રીલિઝ થશે. હાલ 'ધમાલ ફોર'ની સફળતા બાદ તેની બીજી સફળ ળેન્ચાઈઝી'દૃશ્યમ થ્રી' બીજી ઓક્ટોબરે રજૂ કરવામાં આવશે. એ પછી ચોથી ડિસેમ્બરે 'ગોલમાલ ફાઇવ' રજૂ થશે.

# વલસાડ તાલુકા વિશેષ

Tuesday 11, August 2026

• વલસાડ
• અતુલ
• ગુંદલાવ
• ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## પારનેરા ડુંગર પર સફાઈ અભિયાન ચલાવ્યું





**મહાકાળી માતા મંદિર સહિતના સ્થળોએ પાણીની બોટલો, ગુટખાના પડીકા, પ્લાસ્ટિકની થેલીઓ સહિતનો કચરો સાફ કર્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને દર મહિનાના પ્રથમ રવિવારે સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનું જિલ્લા વહીવટી તંત્રને આહવાન કરતા જિલ્લા માહિતી કચેરી દ્વારા રવિવારે વલસાડના ઐતિહાસિક પારનેરા ડુંગર પર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક ઉમેશભાઈ બાવીસાના નેતૃત્વમાં માહિતી ખાતાની ટીમ દ્વારા પારનેરા ડુંગર પર મહાકાળી માતા મંદિર, ચંડીકા, અંબિકા અને નવદુર્ગા માતા મંદિર અને ટેબલ પોઈન્ટ પર સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ હતું. જેમાં ખાસ કરીને પાણીની બોટલો, પાન માવા ગુટખાના ખાલી પડીકા, પેકેટ ફૂડના પાઉચ, પ્લાસ્ટીકની થેલી, બાળકોના ડાયપર સહિતની ગંદકી ઉઠાવી રળિયામણા પારનેરા ડુંગરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સરાહનીય પ્રયાસ કરાયો હતો.

આમ, પણ પારનેરા ડુંગર ચોમાસાની સિઝનમાં લીલીછમ ચાદર ઓઢી હોય એમ સોહામણો લાગતો હોય છે જેથી પર્યટકો વધુ આકર્ષાતા હોય છે. ત્યારે વલસાડ જિલ્લાની પ્રાચીન ધરોહરને સ્વચ્છ અને સુંદર રાખવાની આપણા સૌની જવાબદારી છે. એવો સંદેશ પણ જિલ્લા માહિતી કચેરીની ટીમ દ્વારા આપવામાં આવ્યો હતો.

આ સફાઈ અભિયાનમાં જિલ્લા માહિતી કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર સુનિલ મહેતા, માહિતી મદદનીશ જિજ્ઞેશ સોલંકી અને સલોની પટેલ, ટેકનિકલ આસિસ્ટન્ટ મહેશ પટેલ, ઓપરેટર પ્રફૂલ પટેલ, ફોટોગ્રાફર હિમેશ પટેલ, ડ્રાઈવર યોગેશ પટેલ અને યશ આહિર, સેવક નરેશ આહિર, ધર્મેશ પટેલ, કૃણાલ આહિર અને યામીની પટેલ સહિતનો સ્ટાફ જોડાયો હતો.



વલસાડ છીપવાડનું નાળુ સ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને ૪૦ ગામોના સરપંચોએ જિલ્લા અધિક કલેક્ટરને રજૂઆતના પગલે તંત્રએ તબડતોબ નાળુ શરૂ તો કરી દીધું, પરંતુ નબળી કામગીરીના કારણે કલાકોમાં જ ખાડા પડી ગયા હતા. ૧૫ દિવસ સુધી નાળુ બંધ હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા આ જગ્યાએ સિમેન્ટ કોંક્રીટ (સીસી) કે પેવર બ્લોકનો મજબૂત રસ્તો કેમ ન બનાવવામાં આવ્યો, તે હાલ લોકમુખે અને તપાસનો મોટો વિષય બન્યો છે. સ્થાનિક રહીશો અને સરપંચો દ્વારા આ પ્રકારે કરવામાં આવતી કામગીરી સામે રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

## અબ્રામામાં 'નશા મુકત ભારત' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** માય ભારત વલસાડ દ્વારા નશામુક્ત યુવા - વિકસિત ભારત અભિયાન અંતર્ગત યુવાનો અને વિદ્યાર્થીઓમાં નશામુક્તિ, સ્વસ્થ જીવનશૈલી, હકારાત્મક અભિગમ અને રાષ્ટ્ર નિર્માણ પ્રત્યે જાગરૂકતા વધારવાના ઉદ્દેશ્ય સાથે BAPS વિદ્યામંદિર, અબ્રામા વલસાડ માં વિવિધ સ્પર્ધાઓ તેમજ જાગરૂકતા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ જિલ્લા યુવા અધિકારી આયુષ ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં સેવિકા કુમારી હેતલ શર્મા, સેવક નિમેષ ગદ્દામ તેમજ માય ભારત સ્વયંસેવક મંડળીની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

આ પ્રસંગે વક્તૃત્વ સ્પર્ધા, લોકગીત સ્પર્ધા, શેરી નાટક અને નૃત્ય સ્પર્ધા સહિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પ્રતિભાના માધ્યમથી નશામુક્તિનો અસરોકારક સંદેશ રજૂ કર્યો હતો. BAPS વિદ્યામંદિર, અબ્રામાના સંસ્કારમય અને આધ્યાત્મિક વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સહાયક કલેક્ટર પીયૂષ ગેઠલા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હેમાલી જોશી, BAPS વિદ્યામંદિરના ડાયરેક્ટર માનસિંહ ઠાકોર, એન. કે. દેસાઈના ડાયરેક્ટર ડૉ. દીપેશ શાહ તેમજ શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના સફળ આયોજન બદલ BAPS વિદ્યામંદિર, અબ્રામાના શાળા વહીવટીતંત્ર, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વલસાડની હોકી ખેલાડીની ગુજરાત ટીમમાં પસંદગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** આપણા વલસાડ જિલ્લાના હોકી રમતની ખેલાડીની પ્રાચી અજયભાઈ કુકણા કે જે જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડીમાં એફ. વાય. બી. એ. માં અભ્યાસ કરે છે, જેની હોકી ગુજરાતની જુનિયર ટીમમાં પસંદગી થઈ છે તે હવે 16th હોકી ઈન્ડિયા જુનિયર (બહેનો ) નેશનલ ચેમ્પિયનશિપમાં તા. ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ થી તા. ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધી પુને, મહારાષ્ટ્ર મુકામે ભાગ લેવા માટે જશે તે બદલ હોકી વલસાડના પ્રમુખ પ્રા. મહેશભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલ, મંત્રી ડો. ભાવિનકુમાર એમ. પટેલ, તેમજ હોકી વલસાડના કારોબારી સભ્યોઓએ પ્રાચી એ. કુકણા ને અભિનંદન પાઠવી, નેશનલ સ્પર્ધામાં સારું પ્રદર્શન કરી હોકી વલસાડ અને હોકી ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## વલસાડમાં રેલ્વે ઓવરબ્રીજનો ગાંધીનગરની ટીમ દ્વારા સર્વે કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ શહેર અને આસપાસના વિસ્તારોમાં વાહનવ્યવહારની સમસ્યા નિવારવા અને ટ્રાફિકને સુગમ બનાવવા માટે ધારાસભ્ય ભરતભાઈ પટેલે એક મહત્વની જાહેરાત કરી છે. વલસાડ નાં ?છીપવાડ થી પારડી-સાંધપોર તરફ જતા રૂટ પર રેલ્વે ઓવરબ્રિજ (ROB) ના નિર્માણ માટે મહત્વનું કદમ ઉઠાવાયું છે. આ પ્રજેક્ટ સંદર્ભે GUDC (ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન), ગાંધીનગરના કન્સલ્ટન્ટ અધિકારીઓ તેમજ વલસાડ નગરપાલિકાની ટીમ દ્વારા સ્થળ પર જઈને વિસ્તૃત સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.



વલસાડ નાં છીપવાડ, વલસાડ થી પારડી અને સાંઢપોર જોડતો રૂટ પર સ્થાનિક ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ગાંધીનગર GUDC ના ઉચ્ચ અધિકારીઓ અને કન્સલ્ટન્ટ ટીમ તેમજ વલસાડ નગરપાલિકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રાફિક મુક્ત વાહનવ્યવહાર અને બ્રિજના સુચારુ નિર્માણ માટે ટેકનિકલ સર્વે, છીપવાડ અને સાંધપોર વિસ્તારના લોકોને અવારનવાર ભોગવવી પડતી ટ્રાફિકની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવવા માટે આ બ્રિજનું નિર્માણ મહત્વનું છે. સર્વેની કામગીરી પૂર્ણ થતાં જ આગળની પ્રક્રિયા ઝડપથી હાથ ધરવામાં આવશે.

આ ઓવરબ્રિજ બનવાથી સ્થાનિક રહાવાસીઓ અને દૈનિક અપ-ડાઉન કરતા વાહનચાલકોનો સમય બચશે અને અકસ્માતનો ભય ઘટશે. સર્વેની કામગીરી પૂર્ણ થતાં હવે આગળની મંજૂરીઓ મેળવીને વહેલી તકે કામગીરી શરૂ થાય તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

## ખજુરડી ગામ પરિવાર દ્વારા પુરગ્રસ્તોને રાહત સામગ્રીનુ વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વહાલમાં જ વલસાડ જિલ્લામાં આવેલ પૂરની પરિસ્થિતિને કારણે અનેક લોકો પ્રભાવિત થયા છે. આવી કપરી પરિસ્થિતિમાં પૂર અસરગ્રસ્તો માટે 'ખજુરડી ગામ પરિવાર' એક સાચા વરદાન રૂપ સાબિત થયો છે. ખજુરડી ગામ પરિવાર, ગામલોકો અને વિવિધ દાતાઓના સંયુક્ત સહયોગથી પૂર પીડિતો માટે જીવનજરૂરી વસ્તુઓની રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ માનવતાવાદી કાર્યક્રમ પ્રસંગે પારડી સાંઢપોર જિલ્લા પંચાયત બેઠકના ભાજપના સભ્ય સ્નેહલભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખજુરડી ગામ પરિવાર અને ગ્રામજનો દ્વારા કરવામાં આવેલી આ ઉત્કૃષ્ટ સેવાકીય કામગીરીને બિરદાવી હતી.

પૂરના કારણે જે લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયા હતા અને આજીવિકાને અસર પહોંચી હતી, તેવા જરૂરિયાતમંદ પરિવાર સુધી સીધી મદદ પહોંચાડવા માટે ખજુરડી ગામના લોકોએ એકઠા થઈને આ અનોખી પહેલ કરી હતી. ખજુરડી ગામ પરિવાર દ્વારા કોઈપણ સ્વાર્થ વગર માનવતાની સેવા અવિરતપણે ચાલુ રાખવામાં આવી છે, જે સમાજ માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે. સ્થાનિક ગ્રામજનો અને દાનવીરોના સહયોગથી આયોજિત આ રાહત કાર્યથી પૂર અસરગ્રસ્તોને મોટી રાહત મળી છે અને સહુ કોઈએ ખજુરડી ગામ પરિવારની આ સેવાભાવનાની સરાહના કરી છે.

## વલસાડમાં શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ દ્વારા સન્માન સમારોહ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ (વલસાડ શાખા) દ્વારા આગામી સમયમાં ૨૯મો શૈક્ષણિક સન્માન, વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન અને રોકડ પુરસ્કાર વિતરણ સમારંભ તા.૧૬/૦૮/૨૦૨૬ રવિવાર ના રોજ સવારે ૧૦ કલાકે શિક્ષણ ભવન સ્વ. ભગવાનદાસ માર્કર સભાગૃહ વશીયર, વલસાડ (ક્લબ રીસોર્ટની બાજુમાં) રાખવામાં આવ્યો છે. આ સમારંભના પ્રમુખસ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુરત)ના નિવૃત પ્રાધ્યાપક મા. પ્રા. ડૉ. કિશોરભાઈ એચ. ચીખલીયા ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે મલાડ, મુંબઈની નગીનદાસ ખાંડવાલા કોલેજના નિવૃત રજિસ્ટ્રાર ગિરિશભાઈ આર. રાઠોડ હાજરી આપશે.મુખ્ય મહેમાન તરીકે મુંબઈના શિક્ષણ દાતા રીતેશભાઈ અજીતભાઈ સુરતી ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.

સંઘના પ્રમુખ ધીરજ કે. હલધર તથા માનદ્ મંત્રી જયેશ ડી. ડાંગ તેમજ હોદેદારો અને કારોબારી સભ્યો દ્વારા સન્માનિત વિદ્યાર્થીઓ, વાલીઓ તથા આમંત્રિત મહેમાનોને કાર્યક્રમમાં સમયસર હાજર રહેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્વરૂચી ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

## વલસાડમાં ઉમિયા સોશયલ ટ્રસ્ટે ઘરે ઘરે રાહત કિટનું વિતરણ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** ટીમ ઉમિયા સોશયલ ટ્રસ્ટ, વલસાડ' દ્વારા પ્રથમ તબક્કામાં વલસાડના દાણાબજારમાં વેપારીઓને સાફ-સફાઈમાં મદદ કરવાની સાથે હેન્ડ ગ્લોઝ અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. વલસાડ નાં ગામોમાં અનાજની કિટ તેમજ ચટાઈ, મચ્છરદાની, ચાદર, ટુવાલ અને બ્લેન્કેટની કિટ બનાવી વિતરણ કરવામાં આવી હતી.





આ વર્ષે વલસાડના ઈતિહાસમાં પ્રથમ વખત અણધાર્યા મુશળધાર વરસાદ અને પૂરના કારણે સર્જાયેલી અનારતથી દર વખત કરતાં પણ વધુ તકલીફ અને નુકસાનનો સામનો કરવો પડ્યો છે. પૂરના કારણે નીચાણવાળા વિસ્તારમાં આખા ને આખા ઘરો પાણીમાં ડૂબી ગયા હતા. આ કપરી પરિસ્થિતિમાં દર વખતની જેમ 'માનવ સેવા એ જ પ્રભુ સેવા' ના પોતાના સૂત્રને ચરિતાર્થ કરતા 'ટીમ ઉમિયા સોશયલ ટ્રસ્ટ, વલસાડ' દ્વારા રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી.-થમ તબક્કામાં વલસાડના દાણાબજારમાં વેપારીઓને સાફ-સફાઈમાં મદદ કરવાની સાથે હેન્ડ ગ્લોઝ અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. પૂરથી પ્રભાવિત લોકોને અનાજની કિટ તેમજ ચટાઈ, મચ્છરદાની, ચાદર, ટુવાલ અને બ્લેન્કેટની કિટ બનાવીને આપાતકાલીન સહાય પૂરી પાડવામાં આવી હતી. વલસાડ નાં વેજલપોર, હનુમાન ભાગડા, પારડી સાંઢપોર શેઠિયા નગર, હિંગરાજ, મોગરાવાડી, નવેરા, પરવાસા જેવા ગામો અને વિસ્તારોમાં ઘરે ઘરે જઈ કીટ વિતરણ કરવામાં આવી હતી.

## વલસાડમાં કાવડ યાત્રા નીકળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦** વલસાડ અગ્રવાલ સમાજ દ્વારા છેલ્લા ૪ વર્ષની પરંપરાને જાળવી રાખીને આ વર્ષે પણ અગ્રવાલ સમાજ દ્વારા તારીખ ૯ ઓગસ્ટના રોજ ભવ્ય કાવડ યાત્રાનું શ્રદ્ધાભેર આયોજન કરવામાં આવ્યું હતું. બોલ બમ અને હર હર મહાદેવના નાદ સાથે સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું.

આ ધાર્મિક યાત્રામાં અગ્રવાલ સમાજના ભાઈઓ, મહિલાઓ, બાળકો અને વડીલોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. તમામ શ્રદ્ધાળુઓએ કડક શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉઘાડા પગે કાવડ ઉપાડીને યાત્રામાં જોડાઈ પુણ્યનું ભાથું બાંધ્યું હતું. કાવડિયાઓએ ઔરંગા નદીમાંથી પવિત્ર જળ ભરીને યાત્રાનો પ્રારંભ કર્યો હતો. આ શોભાયાત્રા તારીયાવાડ, મોટા પારસી વાડ, જૈન મંદિર, એમ.જી. રોડ અને ટાવર થઈને આગળ વધી હતી.યાત્રાના અંતે શ્રી ભીડભંજન મહાદેવ મંદિર પહોંચીને તમામ ભક્તોએ મહાદેવજીના શિવલિંગ પર પવિત્ર જળ અર્પણ કરી જલાભિષેક કર્યો હતો.

મંદિર ટ્રસ્ટ અને વ્યવસ્થાપકો દ્વારા શ્રદ્ધાળુઓ માટે સુંદર સગવડ અને પૂર્ણ સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા માટે અગ્રવાલ સમાજના પ્રમુખ તથા તેમની સમગ્ર ટીમ દ્વારા સુંદર અને સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી હતી. જલાભિષેક બાદ આ વર્ષની કાવડ યાત્રા ઉત્સાહ અને ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

## વલસાડની દોલત-ઉષા કોલેજમાં અધ્યાપક સજ્જતા કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડની પ્રતિષ્ઠિત દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઈડ સાયન્સ તથા ધીરુ-સરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે અધ્યાપક સજ્જતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામના રિસોર્સ પર્સન તરીકે વલસાડ કોમર્સ કોલેજના પૂર્વ આચાર્ય ડૉ . જે. એમ. નાયકે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં શિક્ષણનું ક્ષેત્ર ધીમે ધીમે એજ્યુકેશન ઈન્ડસ્ટ્રી તરીકે ઓળખાવા લાગ્યું છે. પરંતુ શિક્ષણને ફકત વ્યવસાય કે નફાકારક ધંધા તરીકે જુઓ એ સમાજ અને રાષ્ટ્રના ભવિષ્ય માટે ચિંતાજનક છે. શિક્ષણનો મૂળભૂત હેતુ ફક્ત ડિગ્રીધારી વિદ્યાર્થીઓ તૈયાર કરવાનો નથી. પરંતુ સંસ્કારી જવાબદાર અને મૂલ્ય નિષ્ઠ નાગરિકોનું ઘડતર કરવાનો છે. શિક્ષક એ શિક્ષણ વ્યવસ્થામાં કેન્દ્ર સ્થાને છે. કોઠારી આયોગના રિપોર્ટમાં પણ જણાવવામાં આવ્યું હતું કે ભારતનું ભવિષ્ય વર્ગખંડોમાં ઘડાય છે એ સૂત્રને ટાંકીને વક્તાએ જણાવ્યું હતું કે શિક્ષકના હાથમાં ફક્ત ચોક અને ડસ્ટર જ નહીં પરંતુ દેશનું ભવિષ્ય પણ છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં ફક્ત જ્ઞાન જ નહીં પરંતુ શિસ્ત, સમયપાલન, ચારિત્ર્ય, રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જવાબદારીના મૂલ્યોનું પણ સિંચન કરવાનું છે. મૂલ્યલક્ષી શિક્ષણ દ્વારા જ આદર્શ સમાજનું નિર્માણ શક્ય બને છે. શિક્ષણ એ સમાજ પરિવર્તનનું શક્તિશાળી સાધન છે.

અધ્યાપકો માટે યોજાયેલા આ કાર્યક્રમને અધ્યાપકોએ રસપૂર્વક માણીને પ્રશ્નોત્તરી દ્વારા સમગ્ર કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

**ગણદેવી સુગરની ચૂંટણીમાં વિજય બાદ**

## ગુંદલાવમાં અભિવાદન સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** ગણદેવી સુગર ફેક્ટરીની ૨૦૨૬ ની ચૂંટણીમાં સમન્વય પેનલના ભવ્ય વિજયની ઉજવણી કરવા માટે વલસાડમાં એક વિશેષ અભિવાદન સમારોહ યોજાયો કરવમાં આવ્યું હતું

કલવાડાના વતની અને ધાર્મિક અને સામાજિક કાર્યકર જયેશભાઈ પટેલ દ્વારા સમસ્ત પેનલના સન્માન માટે આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહમાં મોટી સંખ્યામાં ખેડૂત મિત્રો અને સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

ગણદેવી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં સમન્વય પેનલની ઐતિહાસિક જીતને વધાવી લેવા માટે વલસાડના ગુંદલાવ ત્ર્જીદમાં આવેલા જય પોલીવિનાઈલ ઈન્કોર્પોરેશનમાં એક ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. ધાર્મિક અને સામાજિક સેવાના અગ્રણી કાર્યકર તેમજ શુભેચ્છક જયેશભાઈ પટેલ (USA, કલવાડા) દ્વારા સમસ્ત સમન્વય પેનલના સન્માનમાં આ અભિવાદન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિશાળ સંખ્યામાં સભાસદો અને ખેડૂતોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. આયોજક જયેશભાઈ પટેલ દ્વારા વલસાડ ઝોન-વિભાગ ૧૦ ના વિજેતા ઉમેદવાર કમલ પટેલ અને સમન્વય પેનલની સમગ્ર ટીમનું મંચ પર વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગણદેવી સુગર ફેક્ટરીના ભીષ્મ પિતામહ અને પેનલના કન્વીનર જયંતિભાઈ બાવજીભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સન્માનના પ્રત્યુત્તરમાં કમલ પટેલે આ સુંદર આયોજન બદલ જયેશભાઈ પટેલનો અને મતદાતાઓ દ્વારા મુકવામાં આવેલા અતૂટ વિશ્વાસ બદલ તમામ સભાસદોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.જયેશભાઈ પટેલ (કલવાડા)ના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમે સહકાર અને પ્રેમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## વલસાડ રીનાપાર્ક સો. દ્વારા પૂરગ્રસ્તોને કીટ વિતરણ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** ગત સપ્તાહે સમગ્ર વલસાડ શહેરને હચમચાવી દેનાર વરસાદી તાંડવે અનેક વિસ્તારોને બાનમાં લીધા હતા. જ્યાં જૂઓ ત્યાં ખાના ખરાબીનો માહોલ સર્જાયો હતો. ઔરંગાના ધસમસતા પાણીના પ્રવાહે અનેક પરિવારોને બેઘર બનાવી દીધા હતા. આ પૂરગ્રસ્તોની વહારે શહેરની અનેક સામાજીક સંસ્થાઓ આવી હતી. માનવીય સેવાના આ ભગીરથ કાર્ય માં તિથલ રોડ પર આવેલી રીનાપાર્ક સોસાયટીના પરિવાર જનો પણ જોડાયા હતા.

રીનાપાર્ક સોસાયટી હેલ્પિંગ હેન્ડ સેવા અભિયાન દ્વારા પૂરમાં અસરગ્રસ્ત થયેલા પરિવારોની માહિતી એકઠી કરી તેમને જીવન જરૂરી સામગ્રી આપવાનું નક્કી કરાયું હતું. જેમાં પૂરગ્રસ્ત હનુમાન ભાગડા વિસ્તારના બોરડીયા ફળિયામાં રીનાપાર્ક પરિવાર દ્વારા દાળ- ચોખા, ઘઉંનો લોટ-જુવારનો લોટ, ખાંડ અને તેલની સહાય કીટ પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત ઉમરગામના ગ્રામ્ય પંથકમાં પૂરગ્રસ્ત પરિવારોને પહેરવા લાયક જૂના કપડાં અને જરૂરી વાસણો પણ પહોંચાડવામાં આવ્યા હતા.

**દમણગંગા ટાઈમ્સ**

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ

સંપર્ક : કમલેશ હરિયાવાલા - 9327706434

# અન્ય સમાચારો

Tuesday 11, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 11, August 2026

## સિંહનો દિવસ નહીં, પ્રત્યેક દિવસ સિંહનો

વિશ્વ સિંહ દિવસની ઉજવણી માટે સૌરાષ્ટ્ર સજ્જ છે. સોમવારે શાળાના વિદ્યાર્થીઓ સિંહના મહોરાં પહેરીને નીકળશે, સિંહ અને માનવના સહઅસ્તિત્વ માટે સંકલ્પ લેવાશે. કોઈ દિનવિશેષની ઉજવણી અસ્થાને નથી, પરંતુ ત્યાં જ અટકી પણ જવાનું નથી. સદીઓથી સિંહ સૌરાષ્ટ્રમાં વસે છે, માનવ અને સિંહ વચ્ચે એક સામંજસ્ય છે, સમાંતરે તેની ચિંતા-ચિંતન પણ સતત કરવા પડી રહ્યાં છે. છેલ્લા બે માસમાં સિંહ માનવ ઉપર હુમલા કરે તેવા વધેલા બનાવે આ ક્ષેત્રે ફરી ચર્ચા પણ જગાવી છે. સિંહ સૌરાષ્ટ્રનું ગૌરવ છે, ગીરની ગરવાઈ છે તે બધું સાચું, પરંતુ આવી કોઈ સંવેદનશીલ બાબતમાં ન પડીએ તો પણ સિંહ આખરે તો પ્રકૃતિનું પ્રતીક છે. ફક્ત સિંહ નહીં, આખું જંગલ અગત્યનું છે, સમસ્ત નિસર્ગ મહત્વનું છે. ગીરના સિંહની જાળવણી અનિવાર્ય છે. સિંહની સાથે વસતા દીપડા, હરણ કે વિવિધ પક્ષીઓ પણ ગીરના સંતાનો છે. સિંહ સંવર્ધનની ચર્ચાના કેટલાક મુદ્દા સતત ચાલ્યા આવે છે. સિંહને જંગલ ટૂંકું પડે છે. આપણે સિંહના ઘરમાં ગયા તેથી સિંહ આપણા ઘરમાં આવ્યા. સિંહ મનુષ્ય ઉપર અકારણ હુમલો કરતા નથી આવી વાતો સતત થાય છે, ખોટી પણ નથી, પરંતુ સામે સિંહની જાળવણી કરતાં-કરતાં માનવજીવનની સુરક્ષા પણ ધ્યાને લેવાવી જરૂરી છે. જંગલમાં માણસે અયોગ્ય પ્રવૃત્તિ કે પ્રવેશ ન કરવા જોઈએ, સાથે જ સિંહ ગ્રામ્ય-શહેરી વિસ્તાર આસપાસ આવતા ઓછા થાય તેના ઉપાય વિચારવા જોઈએ. વનવિભાગ બોર્ડર સિક્યોરિટી ફોર્સની જેમ શહેરીની સરહદે ઊભો રહે નહીં તે સમજી શકાય, પરંતુ વનની બહાર સિંહ ઓછા નીકળે તેના વિકલ્પો વિચારવા જોઈએ. સિંહનો શિકાર ન થાય તેવા કાયદા જૂનાગઢમાં નવાબી શાસન હતું ત્યારે ઘડાયા હતા. આજે આપણી પાસે વન્યસૃષ્ટિની જાળવણીના ઘણા કાયદા છે. સવાલ તેના અમલ-પાલનનો છે. ગીરના જંગલમાં હોટેલ રિસોર્ટ કે ફાર્મહાઉસના જે દબાણ છે તે સિંહના મુક્તવિહારમાં અવરોધક છે. પ્રવાસનનો વિકાસ થવો જરૂરી છે. પ્રકૃતિના ભોગે તે થવું ન જોઈએ. સિંહ દિવસ નિમિત્ત છે, સૌરાષ્ટ્રની પ્રકૃતિની સુરક્ષા અને તેના માટેની જાગૃતિનું. સિંહ દિવસે સિંહ બચાવવાના શપથ લેવાવા જોઈએ, ગીર સમસ્તની જાળવણી માટે પણ જાગતા રહેવાનો સંકલ્પ થવો જોઈએ.

# રાંચીમાં વિદ્યાર્થી આંદોલને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું



## રાંચીમાં સ્થિતિ કાબૂ બહાર: વિધાનસભા પરિસરમાં ઘૂસ્યા વિદ્યાર્થીઓ, લાઠીચાર્જ બાદ હિંસક ઘર્ષણ



### પોલીસે લાઠીચાર્જ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો, છતાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રગાન ગાવા લાગ્યા : વિદ્યાર્થીઓએ ૬ બેરિકેડ તોડી નાખ્યા છે, તેમની CBI તપાસની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા) રાંચી, તા.૧૦ : ઝારખંડના પાટનગર રાંચીમાં JPSC પરીક્ષા ગેરરીતિ અને પેપર લીકની ફરીથી તપાસની માંગ સાથે શરૂ થયેલું વિદ્યાર્થી આંદોલન સોમવારે ચરમસીમાએ પહોંચી ગયું હતું. 'વિધાનસભા ઘેરાવ' માર્ચ દરમિયાન તમામ સુરક્ષા બેરિકેડ્સ તોડીને સેંકડોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ઝારખંડ વિધાનસભા પરિસરમાં ઘૂસી ગયા હતા અને ગેટ નંબર ૧ પર જમાવડો કર્યો હતો. પોલીસે માર્ચને રોકવા માટે રસ્તાઓ પર કાંટાળા તાર અને ભારે બેરિકેડ્સ ગોઠવ્યા હતા. પરંતુ આક્રોશિત વિદ્યાર્થીઓ આ તારોને પોતાના હાથ વડે ઊંચકીને દૂર લઈ ગયા હતા. પરિસ્થિતિ એ સ્તરે પહોંચી ગઈ હતી કે સેંકડો વિદ્યાર્થીઓ વિધાનસભા પરિસરની અંદર ઘૂસી ગયા હતા અને કેટલાક પ્રદર્શનકારીઓ રસ્તા પર જ સૂઈને સરકાર વિરૂદ્ધ નારેબાજી કરવા લાગ્યા હતા.

વિધાનસભા તરફ આગળ વધી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે ભીડ વિખેરવા માટે ટીયર ગેસના ગોળા છોડ્યા હતા. પરંતુ વિખેરાવાને બદલે વિદ્યાર્થીઓ ફરી એકઠા થઈ ગયા હતા અને પોલીસનો સામનો કર્યો હતો. વિદ્યાર્થીઓના પ્રચંડ સંખ્યાને જોતાં વિધાનસભા સંકુલની સુરક્ષા અત્યંત કડક કરી દેવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, સ્થિતિ કાબૂ બહાર જતી જોઈને પ્રશાસને ઝારખંડના અન્ય જિલ્લાઓની પોલીસને તાત્કાલિક અસરથી રાંચી પહોંચવાનો આદેશ આપ્યો હતો.

દિવસભર ચાલેલા ભારે હોબાળા, ઘર્ષણ અને ટીયર ગેસના મારા વચ્ચે ઝારખંડ વિધાનસભાનું આજનું સત્ર પૂર્ણ થયું હતું. કાર્યવાહી સ્થગિત થયા બાદ રાંચી પોલીસે વિધાનસભાના ગેટ નંબર ૧ પર બેસેલા તમામ આંદોલનકારી વિદ્યાર્થીઓને શાંતિ જાળવવા અને પોતપોતાના ઘરે પરત ફરવા માટે જાહેરમાં અપીલ કરી હતી.

વિદ્યાર્થીઓ આગળ વધતાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ફરીથી તીવ્ર ઘર્ષણ થયું હતું. સ્થિતિ કાબૂ બહાર જતાં પોલીસે ભીડને વિખેરવા માટે વિદ્યાર્થીઓ પર ટીયર ગેસના ગોળા છોડ્યા હતા, જેનાથી રસ્તાઓ પર નાસભાગ મચી ગઈ હતી.

આ આંદોલન વચ્ચે ઝારખંડ લોકસેવા આયોગ (JPSC) સિવિલ સેવા પરીક્ષા ગેરરીતિ કેસમાં CID એ JPSCના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ L. Khiangteની ધરપકડ કરી લીધી છે. તપાસમાં સહયોગ આપવા માટે તેમણે ગયા મહિને જ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું, અને અનેક રાઉન્ડની પૂછપરછ બાદ તેમની સત્તાવાર ધરપકડ કરવામાં આવી છે.

બીજી તરફ, રાંચીમાં વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી બાદ રાજકારણ પણ ગરમાયું છે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને વિપક્ષ પર ડબલ સ્ટાન્ડર્ડ રાખવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી તરુણ ચુગે કહ્યું કે, જે લોકો દિલ્હીમાં વિદ્યાર્થીઓના આંદોલનને હાઈજેક કરવા માટે છેલ્લી ઘડી સુધી તરફડિયાં મારી રહ્યા હતા, તે નેતાઓ આજે ક્યાં ગાયબ છે? ઝારખંડના યુવાનો પર ટીયર ગેસ છૂટી રહ્યો છે ત્યારે તેઓ મૌન કેમ છે?

પોલીસના લાઠીચાર્જ અને વોટર કેનનની કાર્યવાહી બાદ પણ વિદ્યાર્થીઓ પાછા હટ્યા નહોતા.

## ઝારખંડમાં પેપર લીક મુદ્દે આંદોલનને ભાજપનો ટેકો

(સંપૂર્ણ સમાચાર સેવા) રાંચી, તા.૧૦ : ઝારખંડમાં છેલ્લા ઘણા દિવસથી પેપર લીક તથા પરીક્ષા વ્યવસ્થામાં સુધારાની માંગ સાથે હજારો વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ કોઈ એક વ્યક્તિના રાજીનામાં સાથે નહીં પણ સમગ્ર સિસ્ટમના ધરમૂળથી ફેરફાર તથા સીબીઆઈ તપાસની માંગ સાથે આંદોલન કરી રહ્યા છે ત્યારે જંતર-મંતરમાં થયેલા આંદોલનમાં મચક ન આપનારી ભારતીય જનતા પાર્ટી આ આંદોલનને ટેકો આપી રહી છે.

ભારતીય જનતા પાર્ટીના નેતાઓ શરૂઆતથી જ રાંચીના આંદોલનને ટેકો આપી રહી છે. આજે પણ ભાજપના નેતાઓ ધરણાં પર બેઠા હતા. જેમની પોલીસે અટકાયત કરી છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પણ આજે જ ધરણાં પર બેઠા હતા. ભારે સંખ્યામાં પોલીસ ફોર્સ તહેનાત કરીને ભાજપના પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહૂ સહિત અનેક વરિષ્ઠ નેતાઓની અટકાયત કરવામાં આવી છે. રાંચીના જીએ પોલીસ જવાનોને ધીરજ રાખવા પણ હાંકલ કરી છે.

## પહેલીવાર ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લાની પ્રાચીરથી ગૂંજશે વંદે માતરમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૦

દેશ આ વખતે પોતાનો ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવશે. સ્વતંત્રતા દિવસના સમારોહની તૈયારીઓ ચરમ પર છે. આ બધા વચ્ચે રક્ષા મંત્રાલયે આ કાર્યક્રમ સંલગ્ન એક મહત્વની જાણકારી શેર કરી છે. મંત્રાલયના જણાવ્યાં મુજબ આ વખતે લાલ કિલ્લાની પ્રાચીરથી પહેલી વખત રાષ્ટ્રગીત વંદે માતરમ ગવાશે. આ આયોજન સ્વતંત્રતા સમારોહના કાર્યક્રમનો ભાગ રહેશે અને તેને આ વખતના સમારોહમાં એક ખાસ બદલાવ તરીકે જોવામાં આવી રહ્યો છે.

દર વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ દેશના પ્રધાનમંત્રી લાલ કિલ્લાની પ્રાચીરથી દેશને સંબોધિત કરે છે. ત્યારબાદ સ્વતંત્રતા દિવસ સમારોહમાં અનેક કાર્યક્રમનું આયોજન થાય છે. પરંતુ આ વખતના સમારોહમાં વંદે માતરમ્ને વિશેષ સ્થાન અપાયું છે. રક્ષા મંત્રાલય તરફથી અપાયેલી જાણકારી મુજબ ૮૦માં સ્વતંત્રતા દિવસ સમારોહના ભાગ તરીકે લાલ કિલ્લાની પ્રાચીરથી પહેલીવાર વંદે માતરમ ગાવામાં આવશે.

વંદે માતરમનું ભારતીય સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસમાં એક આગવું મહત્વ છે. બંકિમ ચંદ્ર ચટોપાધ્યાયની રચના આ ગીત આઝાદીની લડતના દૌરમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ચેતનનું પ્રતિક બન્યું હતું. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન આ ગીતે લોકોમાં દેશ પ્રત્યે એકજૂથતા અને સ્વાધિનતાની ભાવનાને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જેના કારણે આજે પણ વંદે માતરમનું નામ દેશના સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસમાં ઊંડાણપૂર્વક જોડાયેલું છે.

આ વર્ષનો સ્વતંત્રતા દિવસ એટલા માટે પણ ખાસ છે કારણ કે દેશ આઝાદીની ૮૦મી વર્ષગાંઠ ઉજવશે. લાલ કિલ્લા પરથી થનારા મુખ્ય સમારોહમાં પીએમ મોદીનું સંબોધન, ધ્વજારોહણ, અને અન્ય પરંપરાગત કાર્યક્રમો સાથે વંદે માતરમનું ગાયન પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે. રક્ષા મંત્રાલયની જાહેરાત બાદ હવે લોકોની નજર ૧૫ ઓગસ્ટના એ ઐતિહાસિક સમારોહ પર હશે જ્યારે લાલ કિલ્લાની પ્રાચીરથી પહેલીવાર રાષ્ટ્રગીત વંદે માતરમ્ની ગૂંજ સંભળાશે.

## સંસદમાં ૧૧થી ૧૩ ઓગસ્ટે કંઈ મોટું થવાના એંધાણ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૦ : કેન્દ્રની મોદી સરકાર અને વિપક્ષ વચ્ચે સંસદના મોન્સૂન સત્રમાં મોટો રાજકીય સંગ્રામ ખેલાવાના એંધાણ મળી રહ્યા છે. FCRA (ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ) સંશોધન બિલ અને ડિલિમિટેશન (પરિસીમન) બિલને લઈને અટકળો તેજ બનતાં જ ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંનેએ પોતાના તમામ સાંસદોને ૧૧, ૧૨ અને ૧૩ ઓગસ્ટના રોજ ગૃહમાં ફરજિયાત હાજર રહેવા માટે ત્રણ લાઈનના વ્હિપ (Whip) જાહેર કરી દીધા છે. વિપક્ષી ખેમામાં ફફડાટ છે કે સરકાર મોન્સૂન સત્રના આખરી દિવસોમાં કોઈ મોટો રાજકીય માસ્ટરસ્ટ્રોક રમી શકે છે.

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ સ્પષ્ટ કર્યું છે કે FCRA અને પરિસીમન બિલ સરકારની પ્રાથમિકતામાં સામેલ છે અને આ બંને વિધેયકો રજૂ કરવામાં આવશે. બીજી તરફ, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ FCRA બિલનો આકરો વિરોધ કરવાની જાહેરાત કરતાં જણાવ્યું છે કે તેઓ 'ઈન્ડિયા' ગઠબંધનના તમામ ફ્લોર લીડર્સ સાથે ચર્ચા કરીને આ અંગે રણનીતિ બનાવશે.

વિદેશી ફંડિંગ અને રાજકીય પારદર્શિતા સાથે જોડાયેલા FCRA બિલ પર કોંગ્રેસ આરપારની લડાઈના મૂડમાં છે. સંસદમાં સૌથી વધુ ચર્ચા ડિલિમિટેશન બિલને લઈને છે. વર્ષ ૧૯૭૬થી લોકસભા બેઠકોના પુનઃનિર્માણ પર લાગેલો સ્ટે ૨૦૨૬માં પૂર્ણ થઈ રહ્યો છે.

## પેપર લીક- વિદ્યાર્થી આંદોલન પર સંસદમાં ચર્ચા માટે સરકાર તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૦ : સંસદના ચોમાસુ સત્ર દરમિયાન NEET-UG પેપર લીક અને વિદ્યાર્થીઓના આંદોનલના મુદ્દે સતત વિપક્ષ હોબાળો કરી રહ્યું છે. વિદ્યાર્થીઓના આંદોલન અને પરીક્ષા વ્યવસ્થાને લઈને વિપક્ષ દ્વારા સંસદમાં ચર્ચાની માંગ કરવામાં આવી રહી છે. આ દરમિયાન સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ સરકારનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે સરકાર NEET અને વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા મુદ્દાઓ પર સંસદમાં વિગતવાર ચર્ચા માટે તૈયાર છે.કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ કહ્યું કે, વિદ્યાર્થી આંદોલન સાથે જોડાયેલા મુદ્દા પર સરકાર તરફથી દરેક સવાલનો જવાબ આપવામાં આવશે. જોકે, તેમણે વિપક્ષને અપીલ કરી છે કે જ્યારે ગૃહમંત્રી અમિત શાહ આ મુદ્દે જવાબ આપે ત્યારે વિપક્ષે તેમનું નિવેદન શાંતિથી સાંભળવું જોઈએ અને હોબાળો ન કરવો જોઈએ.

કિરણ રિજિજુએ કહ્યું કે સરકાર ચર્ચાથી પાછળ હટવાની નથી. વિદ્યાર્થીઓના પ્રદર્શન અને તેમના પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને વિપક્ષ જે પણ મુદ્દા ઉઠાવશે, સરકાર તેનો જવાબ આપવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે, સરકાર તરફથી દરેક મુદ્દા પર જવાબ આપવામાં આવશે અને વિપક્ષે પણ સરકારનો જવાબ સાંભળવો જોઈએ.

કિરણ રિજિજુએ કોંગ્રેસ સહિત સમગ્ર વિપક્ષને અપીલ કરતાં કહ્યું કે જો સરકાર વિદ્યાર્થી આંદોલન પર ચર્ચા માટે તૈયાર છે, તો સરકાર તરફથી આપવામાં આવતો જવાબ પણ શાંતિથી સાંભળવો જોઈએ. માત્ર ચર્ચાની માંગ કરવી અને ત્યારબાદ સરકાર જવાબ આપે ત્યારે હોબાળો કરવો યોગ્ય નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, સરકાર ચર્ચા માટે તૈયાર છે, પરંતુ ચર્ચા દરમિયાન સંસદની કાર્યવાહી ખોરવાય નહીં તે પણ જરૂરી છે. તેમણે કહ્યું કે ગૃહમંત્રી અમિત શાહ જ્યારે સરકાર તરફથી જવાબ આપે ત્યારે વિપક્ષે તેમને સાંભળવા પડશે. તેમના જણાવ્યા અનુસાર સરકાર વિદ્યાર્થી આંદોલનના મુદ્દે ચર્ચા કરવા માટે તૈયાર છે અને આ મામલે સરકારનું વલણ પહેલેથી જ સ્પષ્ટ છે. હવે ચર્ચા દરમિયાન વિપક્ષ કયા મુદ્દા ઉઠાવે છે અને સરકાર તેનો કેવો જવાબ આપે છે તેના પર સૌની નજર રહેશે. નોંધનીય છે કે, સંસદમાં ગયા અઠવાડિયાથી જ હોબાળો ચાલી રહ્યો છે. વિરોધપક્ષ સતત ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગને લઈને સંસદથી લઈને રસ્તા સુધી પ્રદર્શન કરી રહ્યો છે. લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી પણ સતત ગૃહમંત્રીના નિવેદનની માંગ કરી રહ્યા છે.

## શરદ પવારના સાંસદોની મોદી સાથે મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૦ : મહારાષ્ટ્રના રાજકારણમાં નવી ચર્ચાઓ શરુ થઈ છે. એક તરફ પ્રશાંત કિશોર અને મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ સુનેત્રા પવાર વચ્ચેની મુલાકાતો ચર્ચામાં છે, તો બીજી તરફ શરદ પવારની પાર્ટી અને ભાજપ વચ્ચે નિકટતા વધી રહી હોવાની અટકળો ચાલી રહી છે. આ જ ગરમાવા વચ્ચે શરદ પવાર જૂથના તમામ ૮ લોકસભા સાંસદોએ સંસદ ભવનમાં પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી, જે બેઠક આશરે અડધો કલાક સુધી ચાલી હતી.

સુપ્રિયા સુલેના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના લાંબા સમયથી પડતર અને ગંભીર મુદ્દાઓ તરફ વડાપ્રધાનનું ધ્યાન દોરવા માટે આ મુલાકાતનો સમય માંગવામાં આવ્યો હતો. સંસદની કાર્યવાહી વારંવાર સ્થગિત થતી હોવાથી સાંસદોએ સીધા વડાપ્રધાનને મળીને રાજ્યની સમસ્યાઓ રજૂ કરવાનો નિર્ણય લીધો હતો. આ બેઠકમાં સાંસદોએ રાજ્યમાં દુષ્કાળ, સિંચાઈની સમસ્યા, ખેડૂતોની આત્મહત્યા, ઝડપી શહેરીકરણ અને સ્થાનિક વિકાસ કાર્યો જેવા મુદ્દાઓ પર વડાપ્રધાન સાથે વિગતવાર ચર્ચા કરી હતી.મુલાકાત દરમિયાન શરદ પવાર જૂથના સાંસદોએ વડાપ્રધાન મોદીને એક લેખિત આવેદનપત્ર સોંપ્યું હતું. સાંસદોએ મહાત્મા જ્યોતિરાવ ફુલે, સાવિત્રીબાઈ ફુલે, શાહીર અન્ના ભાઉ સાઠે અને તુકડોજી મહારાજને ભારત રત્ન આપવાની માંગ કરી હતી. આ ઉપરાંત નવી મુંબઈ એરપોર્ટનું નામ ડી. વાય. પાટીલ એરપોર્ટ રાખવાની રજૂઆત પણ કરવામાં આવી હતી. સાંસદોએ સાંસદ નિધિ (MPLAD) ફંડ વાપરવામાં રાજ્ય સરકાર તરફથી પૂરતો સહયોગ ન મળતો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. વડાપ્રધાને આ તમામ સમસ્યાઓ પર યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું.બીજેપી નેતા નવનીત રાણાએ આ મુલાકાતનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, જો શરદ પવારની પાર્ટીના સાંસદો મહારાષ્ટ્રના વિકાસ અને પ્રગતિ માટે વડાપ્રધાનને મળી રહ્યા હોય તો તેમાં કંઈ ખોટું નથી.

## આગામી ૫ દિવસ ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૦

દેશના ઘણા ભાગોમાં ચોમાસું ફરી એકવાર સક્રિય થયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ઉત્તર ભારતથી લઈને ઉત્તરપૂર્વ, મધ્ય ભારત અને પૂર્વ અને પશ્ચિમ કિનારા સુધીના ઘણા રાજ્યોમાં ૧૧ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન વરસાદ ચાલુ રહેશે. કેટલાક વિસ્તારો માટે ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઓડિશા, ઝારખંડ અને ઉત્તરપૂર્વમાં હવામાનની સ્થિતિ ખાસ કરીને પ્રભાવિત થઈ શકે છે. આગામી ૨૪ કલાકમાં ઉત્તરપ્રદેશના દક્ષિણ ભાગોમાં ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે, જેમાં છૂટાછવાયા ભારે વરસાદની શક્યતા છે.


૧૧ ઓગસ્ટે ઉત્તરપ્રદેશના પૂર્વ અને પશ્ચિમ બંને ભાગોમાં ભારે વરસાદની આગાહી છે. આજે પૂર્વીય ઉત્તરપ્રદેશમાં ઘણી જગ્યાએ વરસાદની આગાહી છે, જ્યારે પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં પણ અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. રાજયના કેટલાક ભાગોમાં વાવાઝોડા સાથે પ્રતિકૂળ હવામાનની આગાહી છે.

આગામી દિવસોમાં વિવિધ વિસ્તારોમાં વરસાદની અસર ચાલુ રહી શકે છે. IMD એ જણાવ્યું હતું કે આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર પ્રદેશના અન્ય ભાગોમાં ચોમાસાની પ્રવૃત્તિ પ્રમાણમાં મર્યાદિત રહેવાની સંભાવના છે. આ પછી, હવામાન પ્રણાલી આગળ વધતાં રાજ્યભરમાં વરસાદની પ્રવૃત્તિ મોટાભાગે છૂટાછવાયા અને અલગ અલગ સ્થળોએ મર્યાદિત રહેવાની સંભાવના છે.

રવિવારે જાહેર કરાયેલા IMD બુલેટિન મુજબ ૧૧ થી ૧૫ ઓગસ્ટ સુધી ઉત્તરાખંડમાં ઘણી જગ્યાએ વરસાદ ચાલુ રહેવાની ધારણા છે. હવામાન વિભાગે ૧૧ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર, ૧૦ ઓગસ્ટે કેટલીક જગ્યાએ ખૂબ જ ભારે વરસાદ પણ શક્ય છે. આ સમયગાળા દરમિયાન વાવાઝોડા અને વીજળી પણ શક્ય છે.

## આચાર્ય વિજય રામચંદ્રસૂરિશ્વરની આજે ૩૫ મી પુણ્યતિથિ

**સુરત, તા. ૧૦ :** સુધારાવાદ સામે આહલેક જગાડી જૈનોની પ્રાચીન સર્વજીવ હિતકારી સંસ્કૃતિની રક્ષા કરી. બાળદીક્ષા, યુવાદીક્ષા, વૃદ્ધદીક્ષા, સ્ત્રીદીક્ષાના માર્ગને નિષ્કંટક બનાવી, એ દીક્ષાધર્મ સુલભ બનાવ્યો. જેના પરિણામે આજે કોઈ પણ ગચ્છમાં, કોઈપણ સંપ્રદાયમાં અત્યંત સુલભતાથી દીક્ષાઓ આપવા લાગી છે. તદુપરાંત દેવદ્રવ્યની પણ એમણે રક્ષા કરી. સંયમ કરનારા જીવનમાં હજારો વ્યાખ્યાનો, વાચના કરવાથી જૈન-જૈનેતરોમાં તેઓ પરમગુરુ તરીકે માને છે અને અનેક અજૈનોએ એમને પોતાના હૃદયમાં સ્થાપિત કરેલા છે.



વર્તમાન કાળમાં મહત્ત્વના સ્થાને રહેલા અનેક આચાર્યો-પદસ્થો ભાવાર્થ ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજીના ઉપકારને યાદ કરે છે.

આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજીની આજે ૩૫મી પુણ્યતિથિ છે.

ભાવાર્થ ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી એટલે વિક્રમ સંવતની વીસમી સદીના એક મહાપ્રભાવક મહાપુરુષ. અપૂર્વ વિનય, અપૂર્વ વૈયાવચ્ચ અને અપૂર્વ જ્ઞાનસાધનાની ધૂણી ધકાવી દીધી. ખૂબ જ ટૂંકા સમયમાં ગીતાર્થ બન્યા અને શાસનરક્ષાનાં મહત્ત્વનાં કાર્યોની જવાબદારી વડીલોએ એમના વૃષભ સ્કંધો ઉપર મૂકી.

પરિણામે માત્ર સાત જ વર્ષના પર્યાયે ખંભાતમાં થયેલ મુનિ સંમેલનમાં સક્રિય ભાગ લીધો. એની કમિટીમાં આચાર્યોની હરોળમાં સ્થાન પામ્યા.

ત્યારબાદ અમદાવાદમાં વ્યસન અને મુક્તિ અંગેના વ્યાખ્યાનોથી ચા જેવાં વ્યસનોનો ત્યાગ કરાવી હોટલોને તાળા લાગી જાય તેવી ભૂમિકા સર્જી. આગળ વધીને ભદ્રકાલીના મંદિરમાં અપાતો બોકડાનો બલી અટકાવ્યો. પરિણામે ગુજરાતનાં અન્ય ગામોમાં થતી હિંસાઓ પણ અટકી.

મુંબઈ જેવી નગરીમાં પધારી સુધારાવાદ સામે આહલેક જગાડી. જૈનોની પ્રાચીન સર્વજીવ હિતકારી સંસ્કૃતિની રક્ષા કરી. બાળદીક્ષા, યુવાદીક્ષા, વૃદ્ધદીક્ષા તથા સ્ત્રીદીક્ષાના માર્ગને નિષ્કંટક બનાવી, એ દીક્ષાધર્મ સુલભ બનાવ્યો.

આ મહાપ્રભાવક મહાપુરુષે અનેક મહાતીર્થોની પ્રતિષ્ઠાઓ, અંજનશલાકાદિ મહોત્સવો તેમજ હજારો જિનપ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા કરાવીને શ્રીસંઘને અત્યંત ઉપકારી આલંબન પૂરું પાડ્યું છે. કચ્છથી કલકત્તા અને દિલ્હીથી દક્ષિણ દેશ સુધી તેઓ વિચર્યા હતા. મારવાડ, મેવાડ, માલવા અને મહારાષ્ટ્ર એમના પદરજથી પાવન બન્યાં હતાં. જ્યાં જ્યાં તેઓ વિચર્યા ત્યાં ત્યાંની પ્રજા ધર્માભિમુખ બની હતી. જ્યાં જ્યાં તેઓએ પાદાર્પણ કર્યું, ત્યાંના દરેક જિનાલયની દરેક -તિમાજીને ખમાસમણપૂર્વક તેઓએ વંદન કર્યા હતા.

જૈનોના તમામ ફિરકાઓમાં તે સમયે તેઓ વયોવૃદ્ધ, પર્યાયવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ હતા. જૈન મુનિઓએ જાહેરમાં એકરાર કરેલો છે કે, અમે આ સ્થાને પહોંચ્યા છીએ તે ઉપકાર પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાનો છે.

આમાં તપાગચ્છ સિવાય અન્ય ગચ્છોના છેક ગચ્છાધિપતિ પદ સુધી પહોંચેલા મહાત્માઓનો પણ સમાવેશ થાય છે.

વિ.સં. ૧૯૯૦ના અમદાવાદ મુનિ સંમેલનમાં સમગ્ર પક્ષ તરફથી મુનિ સંમેલન માટે વડીલ આચાર્યો દ્વારા એઓની નિમણૂક કરાઈ હતી. એ તેમની દૂરંદેશી અને ગીતાર્થતાની પ્રતીતિ કરાવે છે.

તેઓના શિષ્યો-પ્રશિષ્યો પૈકી ૪૦થી વધુ મહાત્માઓ તો છેક આચાર્યપદ સુધી પહોંચી પ્રભુશાસનને આરાધના, પ્રભાવના અને સુરક્ષા યોજી રહ્યા છે. બરાબર આથમતા સૂર્યની સાક્ષીએ તેમના પાવન પાર્થિવ દેહનો પુણ્યસંસ્કાર કરાયો, જ્યાં આજે તેમની સ્મૃતિને સદાય સતેજ રાખતું ચતુર્મુખી માર્બલનું ત્રિમંજિલ વિરાટકાય સ્મૃતિમંદિર શોભી રહ્યું છે. જે ભક્તો માટે શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર બની ગયું છે. આજે સેંકડો સાધુ-સાધ્વીઓ અને હજારો ભક્તો ત્યાં જઈ બે હાથ જોડી ભક્તિ અને શ્રદ્ધાના ફૂલો ચઢાવશે.

આજરોજ મુંબઈ-અમદાવાદ-વડોદરા-સુરત-ખંભાત-જોધપુર-બેંગ્લોર-ગોટા-નાસિક-પુના આદિ અનેક શહેરોમાં વિરાટ ગુણાનુવાદ સભાઓ યોજાશે.

## જનતા પર મોંઘવારીનો વધુ એક માર પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૦

જુન મહિનામાં અનેક ચીજ વસ્તુઓ પર ભાવ વધારો કરી ગ્રાહકોને ઝટકો આપ્યા બાદ હવે હ્લસ્ઝ્રય્ કંપનીઓ સપ્ટેમ્બર મહિનાની ત્રીમાસિક ગાળામાં ફરી ભાવવધારો કરવાની તૈયારી કરી લીધી છે. જેમા તેલ, સાબુ જેવી રોજબરોજની ચીજવસ્તુઓના ભાવ વધી શકે છે. મળતા અહેવાલ અનુસાર બ્રિટાનિયા થી લઈને હિંદુસ્તાન યુનિલિવર અને ડાબર સહિતની કંપનીઓએ કાચા માલના વધતા ભાવ અને જિયોપોલિટિકલ તણાવનો હવાલો દેતા ભાવ વધારો કરવાની તૈયારીમાં છે.એજન્સીનું માનીએ તો ભારતની અગ્રણી ફાસ્ટ-મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) કંપનીઓ સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન પસંદગીના ઉત્પાદનો પર ભાવ વધારવાની તૈયારી કરી રહી છે. જૂન ક્વાર્ટર દરમિયાન સરેરાશ ૨-૫% ભાવ વધારો લાગુ કર્યા પછી, હ્લસ્ઝ્રય્ કંપનીઓ હવે મોંઘવારીના દબાણને ઘટાડવા માટે ટાર્ગેટેડ મૂલ્ય નિર્ધારણ પગલાં તરફ આગળ વધી રહી છે.

આ કંપનીઓ જણાવે છે કે વધતી જતી કોમોડિટી કિંમતો અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ તેમના માર્જિનને પ્રતિકૂળ અસર કરી રહી છે; તેઓ ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતા અને ચોમાસા અને અલ નીનોની સંભવિત અસર સાથે સંકળાયેલા જોખમોનું પણ નજીકથી નિરીક્ષણ કરી રહી છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ, કેટલીક કંપનીઓ ચીજવસ્તુઓની પેકિંગ નાના કરી રહી છે અથવા તો ભાવ વધારો કરવાની તૈયારીમાં છે. કંપનીઓ કાં તો ચોક્કસ પેકેજોમાં ઉત્પાદનની માત્રા ઘટાડી રહી છે અથવા પસંદગીની વસ્તુઓ પર ભાવ વધારવાની તૈયારી કરી રહી છે.

બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ રૂ. ૫ અને રૂ.૧૦ ની કિંમતના બિસ્કિટના પેકેટ પર આશરે ૧.૫-૨% નો ભાવવધારો કરવાની અપેક્ષા રાખી રહી છે.

બ્રિટાનિયાના MD અને CEO રક્ષિત હરગવેએ આ ભાવ વધારાનો સંકેત આપતા જણાવ્યુ કે કંપની ખાંડ અને પામ તેલ જેવા મુખ્ય કાચા માલના વધતા ખર્ચનો સામનો કરી રહી છે. તેમણે જણાવ્યુ હતુ કે ક્વાર્ટરના અંતમાં વધુ વધારો જોવા મળી શકે છે. જો એકંદર અસર ૧% હતી, તો ૧.૫-૨% નો વધુ વધારો થવાની સંભાવના છે

ગોદરેજ કંજયુમર પ્રોડક્ટ લિમિટેડએ ગત જુન મહિનામાં તેના તમામ પ્રોડક્ટ્સની કિંમતોમાં સરેરાશ ૫ % નો વધારો કરી ગ્રાહકોને ઝટકો આપ્યો હતો. જ્યારે કંપની હવે સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં પણ ભાવ વધારો કરી શકે છે. જો કે રિપોર્ટમાં કહેવાયુ છે કે કંપની હાલ ભાવ વધારાનું પગલુ લેતા પહેલા કોમોડિટીની કિંમતો પર નજર રાખી રહી છે.

બ્રિટાનિયા અને ગોદરેજની સાથે, ડાબર ઈન્ડિયા પણ ટૂંક સમયમાં તેના ગ્રાહકો પર મોંઘવારીનો બોંબ ફોડી શકે છે. હાઈ ઈનપુટ કોસ્ટ ના પડકારની આશંકા વચ્ચે કંપની તેના માર્જિનને સુરક્ષિત રાખવા માટે પસંદગીના ઉત્પાદનો પર ભાવ વધારો કરી શકે છે. FMCG સેક્ટરની અન્ય કંપનીઓની વાત કરીએ તો હિંદુસ્તાન યુનિલીવર લિમીટેડ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં પ્રોડક્ટ્સ કેટેગરીની કિંમતો વધારી શકે છે. કંપની એ FY27ના પહેલા ક્વાર્ટરમાં તેની ચીજવસ્તુઓની કિંમતોમાં ૨-૫% નો




Tuesday 11, August 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## વાપીની બેકરીમાં બ્રેડમાંથી માખી નીકળી

### વલસાડ આરોગ્ય વિભાગે સેમ્પલ લઈ તપાસ હાથ ધરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીના ચલા વિસ્તારમાં ગોલ્ડ કોઈન સર્કલ પાસે આવેલી અગ્નિ બેકરીમાંથી ખરીદવામાં આવેલા બ્રેડના પેકેટમાંથી માખી નીકળવાની ઘટના સામે આવતા ચકચાર મચી છે. ગ્રાહકની ફરિયાદ બાદ વલસાડ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ હરકતમાં આવ્યો હતો અને બ્રેડના સેમ્પલ કબજે કરી તપાસ હાથ ધરી છે. સાથે જ બેકરીમાં વેચાતી અન્ય ખાદ્ય ચીજવસ્તુઓના પણ સેમ્પલ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત શુક્રવારના રોજ ચલા ગોલ્ડ કોઈન સર્કલ નજીક આવેલી અગ્નિ બેકરીમાંથી ચલા વિસ્તારમાં રહેતા એક ગ્રાહકે બ્રેડનું પેકેટ ખરીદ્યું હતું. આ બ્રેડના પેકેટમાંથી માખી મળી આવતા ગ્રાહકે બેકરીના કાઉન્ટર પર હાજર જવાબદાર વ્યક્તિને આ અંગે ફરિયાદ કરી હતી. જોકે, ફરિયાદ અંગે યોગ્ય પ્રતિસાદ ન મળતાં ગ્રાહકે સમગ્ર મામલે વલસાડ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી હતી.

ફરિયાદ મળ્યા બાદ વિભાગના અધિકારીઓ દ્વારા બ્રેડનું પેકેટ કબજે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આજે તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બ્રેડના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને તપાસ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. બ્રેડ ઉપરાંત બેકરીમાં વેચાતી અન્ય ખાદ્ય પ્રોડક્ટ્સની ગુણવત્તા અંગે પણ તપાસ કરવા માટે વિવિધ ચીજવસ્તુઓના સેમ્પલ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. આ ઘટનાની જાણ થતાં વાપી પંથકમાં અગ્નિ બેકરીમાંથી બ્રેડ, બિસ્કિટ સહિતની અન્ય ખાદ્ય ચીજવસ્તુઓ ખરીદતા ગ્રાહકોમાં પણ ભારે ચકચાર મચી છે.

## વાપી પંથકમાં દશામાના પર્વની તૈયારી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપી પંથકમાં દશામાના પર્વને લઈ ભક્તોમાં ભારે ઉત્સાહ અને ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. દશામાના પર્વને અનુલક્ષીને ગઈકાલે ઠેર-ઠેર ભક્તો દ્વારા દશામાતાજીની પ્રતિમાનું ભવ્ય આગમન કરવામાં આવ્યું હતું. ઢોલ-નગારા અને ડીજેના તાલે ભક્તો માતાજીની પ્રતિમાને વાજતે-ગાજતે પોતાના નિવાસસ્થાને લઈ આવ્યા હતા. આગામી ૧૩ ઓગસ્ટ ૨૦૨૬, ગુરુવારના રોજ દશામાતાજીની પ્રતિમાની વિધિવત્ સ્થાપના કરવામાં આવશે. સ્થાપના બાદ સતત દસ દિવસ સુધી ભક્તો દ્વારા માતાજીની પૂજા-અર્ચના, આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. દશામાના પર્વના અંતિમ દિવસે ભક્તો દ્વારા માતાજીની પ્રતિમાનું નદી, તળાવ તેમજ દરિયામાં ધાર્મિક વિધિ સાથે વિસર્જન કરવામાં આવશે. વિસર્જન પ્રસંગે વાપી પંથકમાંથી મોટી સંખ્યામાં દશામાના ભક્તો ઉપસ્થિત રહેવાની સંભાવના છે. દશામાના પર્વને લઈ સમગ્ર પંથકમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું છે અને આગામી દિવસોમાં પણ વિવિધ વિસ્તારોમાં ધાર્મિક કાર્યક્રમો યોજાશે. વાપીના ખડકલા નામધા રોડ, નવીનગરી, ગાયકવાડ, ગીતા નગર તેમજ શૂલપળ અને ડુંગરા વિસ્તારમાં દશામાની પ્રતિમાનો આગમન રવિવારે થયું હતું

## માલવણ હાઈવે પર કાર અડફેટે બાઈક ચાલકોનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ તાલુકાના માલવણગામે ખારીયા ફળિયામાંથી પસાર થતા રસ્તા પર એક કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ચીખલીના એક યુવકનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે તેમની પત્ની અને દોઢ વર્ષની દીકરી ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ચીખલી તાલુકાના સોલધરા ગામના નાયકી વાડમાં રહેતા અજયભાઈ પટેલ તેમની પત્ની પીનલબેન અને દોઢ વર્ષની દીકરી સાથે પોતાની બાઈક નંબર : GJ-21-BT-2610 પર જઈ રહ્યા હતા. તે દરમિયાન માલવણ ગામના ખારીયા ફળિયા પાસેથી પસાર થતી વેળાએ પૂરઝડપે આવી રહેલી એક કાર નંબર GJ-15-CM-2508 ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ઘટનામાં અજયભાઈ પટેલને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે તેમની પત્ની પીનલબેન પટેલ અને દોઢ વર્ષની નાની દીકરીને શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત પત્ની અને બાળકીને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, દોઢ વર્ષની માસૂમ દીકરી હાલત સારી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે પંથકમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે.

## માલનપાડામાં પીકઅપની અડફેટે યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૦ :** ધરમપુર તાલુકાના માલનપાડા દશેરાપાટી આઈટીઆઈ ચાર રસ્તા નજીક નેશનલ હાઈવે નં. ૫૬ પર પીકઅપ વાહનની અડફેટે મોટરસાઈકલ ચાલક યુવકનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત રાત્રે આશરે ૧૧ વાગ્યાના અરસામાં દિપેશભાઈ મુકેશભાઈ પટેલ (ઉં.વ. ૨૧), રહે. ભેંસઘરા, નિશાળ ફળિયા, ધરમપુર પોતાની હોન્ડા ટ્વિસ્ટર મોટરસાઈકલ નંબર એમએચ-૦૫-બીએન-૦૧૪૯ પર ધરમપુરથી નાનાપોંઢા તરફ જઈ રહ્યા હતા. દરમિયાન અજાણ્યા પીકઅપ ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સામેથી દિપેશભાઈની મોટરસાઈકલને ટક્કર મારી હતી.

અકસ્મતમાં દિપેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર મળે તે પહેલાં જ સ્થળ પર તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ પીકઅપ ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ અંગે મૃતકના પિતા મુકેશભાઈ ગમનભાઈ પટેલની ફરિયાદના આધારે ધરમપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે અજાણ્યા પીકઅપ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોરાઇમાં નિર્માણાધિન ટાંકી પરથી પટકાતા મજૂરનું મોત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીના મોરાઈમા ખાતે જૂની પીવાના પાણીની ટાંકીની બાજુમાં બનતી નવી મોટી ટાંકી પરથી પડી જતા એક મજૂરનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવને પગલે પરિવારજનોએ લાશને રોડ પર મૂકી વિરોધ કરતા ટાઉન પોલીસે દોડી જઈ પરિસ્થિતિ કાબુમાં લીધી હતી.

મળતી માહિતી મુજબ મોરાઈમા ખાતે ૬૦ ફૂટથી વધુ ઊંચી પાણીની નવી ટાંકીનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. સોમવારે સાંજે ૫ કલાકે ટાંકી ઉપર ૩-૪ મજૂરો કામ પૂર્ણ કરી નીચે ઉતરવાની તૈયારીમાં હતા ત્યારે મંગલ સિંહ નાયક નામનો મજૂર લિફ્ટમાં બેસી નીચે ઉતરવા જતા અકસ્માત સર્જાયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર લિફ્ટ તૂટી પડતા અથવા પાલખ ખસી જવાને કારણે મંગલ સિંહ સીધા નીચે પટકાયા હતા.

માથામાં ગંભીર ઈજા થતા તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. ઘટના બાદ અન્ય મજૂરો ગભરાઈને સ્થળ પરથી ભાગી ગયા હતા.

બનાવની જાણ થતા મૃતકના સગાં-સંબંધીઓ અને આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. મૃતકની બે દીકરીઓના હૈયાફાટ રુદનથી સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું. આક્રોશમાં સગાંઓએ મૃતદેહને ખાટલામાં રોડ પર મૂકી ચક્કાજામ કરવાનો પ્રયાસ કર્યો હતો.

સૂચના મળતા જ વાપી ટાઉન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

પોલીસે સગાંઓને સમજાવી રોડ ખુલ્લો કરાવ્યો હતો. ત્યારબાદ મૃતકની દીકરીનું નિવેદન નોંધી લાશને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## વલસાડમાં અગરિયાઓનો સર્વે કરી સહાય માટે માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લામાં તા. ૨૨, ૨૩ અને ૨૪ જુલાઈ - ૨૦૨૬ દરમિયાન થયેલા ભારેથી અતિભારે વરસાદ તેમજ અગરની બાજુમાં આવેલ નદીઓના ભારે વરસાદના પાણીથી પૂર આવવાને કારણે મીઠાના અગરીયાઓને વ્યાપક નુકસાન થયું છે. આ અંગે કલેક્ટર સાહેબને આવેદનપત્ર પાઠવી યોગ્ય સર્વે કરી સહાય આપવાની માગણી કરવામાં આવી છે. આ ભારે વરસાદ અને પૂરના કારણે ઘરાસણા મીઠા મંડળી, છરવાડા મીઠા મંડળી, કરદીવા-ભાગલ મીઠા મંડળી અને કકવાડી મીઠા મંડળીના અગરીયાઓ પ્રભાવિત થયા છે. અગરીયાઓ દ્વારા ઉનાળાની ભીષણ ગરમીમાં મીઠાનું ઉત્પાદન કરેલ જે તૈયાર થયેલ પાક (મીઠું) ભારે વરસાદના પૂરનાં કારણે ધોવાઈ ગયેલ છે.

આ નુકસાનના કારણે ૮૦૦ થી ૯૦૦ અગરીયા પરીવારોનાં જીવન નિર્વાહ ઉપર માઠી અસર પડેલ છે, જેના કારણે મીઠું પકવતા અગરીયા ખેડૂતોનાં બાળકોને શિક્ષણ વગેરેમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સરકાર દ્વારા ઉપરોક્ત મીઠાનાં અગરોમાં આજદિન સુધી કોઈ સર્વેની કામગીરી કરેલ નથી તથા સહાય માટેની કોઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ નથી.

## ચણોદથી કિશોર ભેદી રીતે ગુમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીના ચણોદ કોલોની સ્થિત સાંઈ શ્લોકા રેસીડેન્સી રૂમ નં. સી-૩૦૩ માં રહેતો કિશોર અંશ શ્યામચરણ છોટેલાલ યાદવ તા. ૦૮/૦૮/૨૦૨૬ ના રોજ બપોરે ૧ થી ૧:૩૦ વાગ્યા દરમિયાન ઘરેથી ગુમ થયો હોવાની ફરિયાદ પિતાએ નોંધાવી છે.

બનાવની વિગત મુજબ ૮ ઓગસ્ટે બપોરે ૧૨ વાગ્યે તેમના પત્ની અનીતા યાદવનો ફોન આવ્યો હતો કે અંશના સ્કૂલના રિઝલ્ટમાં માર્ક્સ ઓછા આવતા તેને ઠપકો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ અંશ ઘરે જ હતો. બપોરે ૧:૪૫ વાગ્યે પત્નીએ ફરીથી ફોન કરી જણાવ્યું કે અંશ ઘરમાં નથી અને ઘરનો દરવાજો બંધ કરીને ગયો છે.

પરિવારે આજુબાજુ અને સગા-સંબંધીઓમાં તપાસ કરી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. સોસાયટીના સીસીટીવી ફૂટેજ ચેક કરતા કિશોર બપોરે ૧:૧૮ વાગ્યે સોસાયટીની બહાર નીકળતો જોવા મળ્યો હતો. ત્યારબાદ તે ક્યાં ગયો તેની કોઈ માહિતી મળી નથી. અંશના શરીરે કાળા રંગની હાફ બાયની ટી-શર્ટ અને કાળા રંગનો હાફ પેન્ટ પહેરેલ છે. પોલીસે યુવાનની ચણોદ વિસ્તાર, વાપી બજાર અને રેલ્વે-બસ સ્ટેશન ખાતે શોધખોળ કરી છે. અપહરણની આશંકાએ વાપી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## ડાંગમાં ચોરીના આરોપમાં બે બાલકિશોરો ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૦ :** ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વાંઝટઆંબા ગામે દુકાનમાંથી થયેલી ચોરીનો વણઉકેલાયેલ ગુનો ઉકેલીને વઘઈ પોલીસે બે જુવેનાઈલ (બાલકિશોર) આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

વાંઝટઆંબામાં દુકાનની છત પરના સિમેન્ટના પતરાના નટ-બોલ્ટ ખોલી અજાણ્યા ચોરોએ અંદર પ્રવેશ કર્યો હતો. સિગારેટ તથા વિમલ ગુટખા/પાન મસાલા તેમજ રોકડની મત્તાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસે ચોરી કરનાર બે જુવેનાઈલ આરોપીઓને શોધી કાઢીને મુદ્દામાલ અને રોકડ સહિત ચોરીમાં વપરાયેલ ડીઓ મોપેડ બાઈકની જપ્ત કર્યા છે.










**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**